**સુવિચાર**
ઝઘડા સત્યને કારણે નહી, પણ માની લીધેલા સત્યને કારણે થાય છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૬/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
પંજાબી સમોસા
સેન્ડવીચ ઢોકળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ વદ-અમાસ વર્ષ : ૧૬ અંક : ૧૬૬

## છેલ્લા ૧૦ વર્ષથી મહાકાય પુલ પડવાનાં વાંકે ટકી રહ્યો છે

# નાના માચીયાળાનો પુલ જમીનદોસ્ત થાય તે પહેલા નવો બનાવો

અમરેલીને રાજકોટ સાથે જોડતા માર્ગ ઉપર દરરોજ હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનો પસાર થાય છે

પુલની નીચે ઠેબી નદીનું પાણી ચોમાસાનાં દિવસોમાં ચેકડેમને હિસાબે ભરાયેલું રહે છે

નેશનલ હાઈવે વિભાગ હસ્તકનાં માર્ગ પરનો પુલ તોડી પાડીને નવો પુલ બનાવવો અત્યંત જરૂરી

અકસ્માતે પુલ જમીનદોસ્ત થાય અને કોઈ દુર્ઘટના ઘટશે તો જવાબદારી કોની ? તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે



અમરેલી, તા. ૨૪

અમરેલીનાં પાદરમાં આવેલ નાના માચીયાળા ગામ નજીક આવેલ ઠેબી નદીનો મહાકાય પુલ છેલ્લા ૧૦ વર્ષથી પડવાનાં વાંકે ઉભો છે. ટ્રાફિકથી ધમધમતા નાગેશ્રી–અમરેલી–ચોટિલા અને રાજકોટ તરફ જતા નેશનલ હાઈવે પરનો પુલ તોડી પાડીને મજબુતીથી નવો બનાવવામાં આવે તેવી માંગ ઉભી થઈ છે.

નાના માચીયાળા નજીકનાં પુલ ઉપરથી સાયકલથી લઈને હેવી વાહનો પસાર થઈ રહ્યા છે. પિપાવાવ પોર્ટ કે અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની તરફ દરરોજ મોટી સંખ્યામાં ટ્રકોની અવરજવર રહેતી હોય છે તો મોટી સંખ્યામાં એસ.ટી.બસ, ખાનગી વાહનો, કાર પણ પસાર થાય છે.

ઘણા મહિનાઓથી પુલ બિસ્માર હાલતમાં છે. "અમરેલી એક્સપ્રેસ"માં અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ કરીને નેશનલ હાઈવે અને જનપ્રતિનિધિઓનું ધ્યાન દોરવામાં આવી રહ્યું છે છતાં પણ તંત્રના બહેરા કાન સાચી વાત સમજવા તૈયાર નથી.

ભવિષ્યમાં ન કરે નારાયણ ને કોઈ દુર્ઘટના ઘટશે અને કોઈ જાનહાનિ થશે તો બાદમાં તપાસ સમિતિ બનાવવાનું ને ભોગ બનનારને વળતર ચુકવવાનું થશે તો જવાબદાર કયાં વિભાગનાં કયાં અધિકારીની રહેશે તેની જાણકારી જાહેર કરી દો.

સત્તા પક્ષનાં આગેવાનો વિકાસની વાતો, બેઠકો કરે છે પરંતુ નાના માચીયાળાના પુલને નવો બનાવવાનું કામ વિકાસમાં આવતુ હશે કે નહી તેની ખબર જનતાને નથી.

### ખાંભા તાલુકાનાં

## માલકનેશ ગામે શાકભાજીનાં વેપારી સાથે રૂા. ૧ લાખ ઉપરની છેતરપીંડી કરાય

**સુરત–અંકલેશ્વરનાં બે શખ્યો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૪

ખાંભા તાલુકાના માલકનેશ ગામે રહેતા અને ખેતમજુરી તથા શાકભાજી લે–વેચનો ધંધો કરતાં જોરૂભાઈ બાલાભાઈ પરમાર પાસેથી ગત તા.૧૦/૧૧/૨૪ ના રોજ રાત્રીના નવ વાગ્યે સુરત ગામે રહેતા આરોપી ભરતભાઈ (ડીસાવાળા)એ કુલ રૂપિયા

અનુસંધાન પાના ૬ ઉપર

### ખાંભા તાલુકાનાં

## ઈગોરાળા ગામે વ્યાજબી ભાવની દુકાનનાં તોલાટે પરવાના ધારકની ખોટી સહીઓ કરી

**દુકાનનું રાજીનામું લખી મામલતદારને રજુ કરી દીધુ**

અમરેલી, તા. ૨૪

ખાંભા તાલુકાના ઈગોરાળા ગામે નિલેશભાઈ યશલાલભાઈ વડેરા પોતે રેશનીંગની વ્યાજબી ભાવની દુકાનનો પરવાનો નં.કે.એચ.બી. ૭/૨૦૦4 ધરાવે છે, તેમના તોલાટ

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ
ફરસાણ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

### ગીર અને ગીરકાંઠો પસાર કરીને રાનીપશુઓ શહેરમાં પધાર્યા

# અમરેલીનાં ઠેબી જળાશય નજીક આવેલ પંચવટી પાર્ટી પ્લોટ નજીક દીપડાએ વાછરડીનું કર્યુ મારણ

**તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાલે દીપડાને પાંજરે પૂરવા માંગ કરી**



અમરેલી, તા. ૨૪

જિલ્લાનાં ગીર વિસ્તાર છોડીને ગીર કાંઠે આંટાફેરા મારતા

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪



### લાઠી તાલુકાનાં

# ભુરખીયા ગામે લાઠી રોડ ઉપર સ્પીડ બ્રેકર મુકવા માંગણી ઉઠી

## અકસ્માત નિવારવા પગલાં ભરવા જરૂરી



દામનગર, તા. ૨૪

દામનગર, ભૂરખીયા, લાઠી માર્ગપર અકસ્માતોનિવારવાસ્પીડબ્રેકર બનાવવાની તાતી જરૂર છે. જાહેર માર્ગો ઉપરથતાંવાહનઅકસ્માતોઘટાડવામાટે સરકારઅનેમાર્ગઅનેમકાનવિભાગના અધિકારીઓ કોઈ ચોક્કસ નિયમો બનાવ્યા હોય તો પણ અધૂરાં હોવાનાં કારણે અકસ્માતોની સંખ્યા વધી રહી હોવાનુંજાણવામળતુંહોય, ખરેખર કડક રીતે ચોકસાઈ પૂર્વક ગતિ નિયંત્રણ માટે પેટ્રોલીંગ અને સતત હોય તો જ અને નિયમ મુજબ નક્કી કરેલા અંતરે અને જોખમી વળાંકોમા ગતિ રોધક બમ્પ (સ્પીડ બ્રેકરો..) બનાવાતા ન હોય, હા સફેદ આડા–ઉભા પટ્ટાથી વાહનચાલકોનેફેર પડતો નથી..!! જયાં ખરેખરજરૂરહોયછેત્યાંબમ્પબનાવાતા નથી, અને જયાં જરૂર નથી હોતી ત્યાં થોડા–થોડા અંતરે નિયમની વિરૂધ્ધમાં બમ્પ બનાવી દેવાતા હોય છે. લાઠીથી દામનગર વાયા રામપર, તાજપર, ભૂરખીયા ગામ (હનુમાનજી દાદાનું મંદિર કે જયાં કાયમ બહોળી સંખ્યામાં ભકતો દર્શન કરવા માટે આવે છે.) વચ્ચે વળાંકોમાં અને જરૂર જણાય ત્યાં સ્પીડ બ્રેકરો બનાવવા માટે મા. અને મ. વિભાગનાઅધિકારીઓ પોતાનીસત્તાની રૂએઆમાર્ગનુંનિરીક્ષણકરીસ્પીડબ્રેકરો બનાવવા માટે યોગ્ય કામગીરી કરે....!! નહિ તો છાશવારે બનતા વાહન અકસ્માતનાબનાવોવધવાનીસંભાવના રહેશે. આમાર્ગપરથીઅધિકારીઓઅને જનતાનાંસેવકો કયારેય નહીં પસાર થતાં હોય..!!?

### બાબરા ગામે

# પૂ. વેલનાથ બાપાનાં પ્રાગટય મહોત્સવની ઉજવણી કરવા માટે તડામાર તૈયારી

## પુજન–અર્ચન અને શોભયાત્રાનું આયોજન કરવામાં આવશે



બાબરા, તા. ૨૪

બાબરામાં આગામી તા. ૨૭/૬ અને અષાઢી બીજના રોજ સમસ્ત સુવાળીયા ઠાકોર સમાજના ધર્મગુરૂ પરમ પૂજય વેલનાથ બાપુના પ્રાગટય મહોત્સવની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવાનું આયોજન સમસ્ત સુવાળીયા ઠાકોર સમાજ અને વેલનાથ પ્રગતિ મંડળ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

અહીં બાબરા ખાતે ચિત્તલ રોડ પર આવેલ પૂજય વેલનાથ બાપુના મંદિરે સવારે પૂજન અર્ચન અને ત્યારબાદ આઠ કલાકે ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા નીકળશે જેમાં બાબરા અમરાપરા સહિત તાલુકાના સુવાળીયા ઠાકોર સમાજના ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં જોડાશે પૂજય વેલનાથ બાપાની દિવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર પસાર થઈ બપોરે ૧૨ કલાકે નિજ મંદિરે પરત ફરશે અને ત્યારબાદ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો અને સમાજના લોકો મહાપ્રસાદનો લાભ મેળવી ધન્યતા અનુભવશે.

### પૂ. સંતશ્રી આપાગીગાના કપડા, માળા, બેરખો, કેશ, લાકડીનું પૂજન થશે

# બગસરામાં આપાગીગા ગાદી મંદિર ખાતે અષાઢી બીજની ઉજવણી કરવામાં આવશે

## સવારે મહંતશ્રી જેરામબાપુ દ્વારા ગાદી મંદિરમાં ધ્વજારોહણ કરાશે



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૪

બગસરામાં આપાગીગા ગાદીમંદિરનીપરંપરાઅનુસારસંતોએ સ્થાપિત કરેલ વિધિ વિધાન મુજબ ૨૭/૬ નેશુક્રવારનારોજઅષાઢીબીજના ભાગરૂપેસવારે૭કલાકેમંગળાઆરતી, હનુમાનચાલીસાનાપાઠહોમાત્મકયજ્ઞ બાદ પૂ. આપાગીગા ગાદી મંદિર ઉપર સમસ્ત ગધઈ પરિવાર તથા પ્રજાપતિ ભુપતભાઈ લીંબાભાઈ માળવી (જૂના ગંજીવાડા–બગસરાનાનિવાસસ્થાનેથી ધ્વજાનુંસામૈયુંવાજતેગાજતેઆપાગીગા ગાદી મંદિર ખાતે સવારે ૧૦ કલાકે આવશે.

જગ્યાના પ્રવર્તમાન પૂ.મહંત જેરામ બાપુના હસ્તે ગાદી મંદિરમાંધ્વજારોહણકરવામાંઆવશે. તેમજ બહુમુલી પ્રસાદી વાસ્તુ આપાગીગાના કપડા, માળા, બેરખો, કેશ, (વાળા), લાકડી તેમજ પુરોગામી સંતોનીપ્રસાદીનીવસ્તુઓનેપૂજનધૂપ દીપ નિવેદ ધરાશે ત્યાર બાદ સાંજ ના સમયમાં મહાઆરતીના દર્શન થશે આ મહોત્સવમાં બગસરા તેમજ ગ્રામ્ય વિસ્તારના ભાવિકો તેમજ ગાદી મંદિરના સેવકોને આ મહોત્સવમાં પધારવા તેમજ સાંજની મહાઆરતીનો તેમજ પ્રસાદનો લાભ લેવા ભાવિકોને અહીંના પૂ મહંત જેરામબાપુ એ અનુરોધ કર્યો છે. આ મહોત્સવને સફળ બનાવવા ગીગેવ ગ્રુપ તેમજ જગ્યાના કોઠારી હરિબાપુ જહેમત ઉઠાવી રહ્યા છે.

### ગુજરાતનુ રાજકારણ આગામી દિવસોમાં કરવટ બદલશે તે નક્કી

# વિસાવદરમાં ''આપ''નાં ઉમેદવાર ગોપાલ ઈટાલિયાનો વિજય થવાથી ભાજપ અને કોંગ્રેસમાં ભૂકંપ સર્જાશે

## કોંગ્રેસનાં પ્રદેશ પ્રમુખપદેથી શકિતસિંહનાં રાજીનામાથી શરૂઆત

અમરેલી, તા. ૨૪


૨૦૨૫નીવિધાનસભાપેટા ચૂંટણી ગુજરાત તો ઠીક છે પરંતુ દેશના પણ કેટલાક લોકોની નજર એવિસાવદર વિધાનસભાબેઠકની ઉપર હતી. કારણ કેઅહીંથીગુજરાતનાઆમઆદમીપાર્ટી એકમના ખૂબ જ લડાયક અને આખાબોલા ગોપાલ ઈટાલીયા આ બેઠક ઉપરથી વિધાનસભામાં પ્રવેશ કરવા માગતાહતા. ભારતીયજનતાપાર્ટીતેને રોકવામાં પોતાની બધી જ તાકાત જકજોડી રહી હતી. પરંતુ કહેવું જોઈએ કેગોપાલનીમુદ્દાનીવાતત્યાંનીજનતાએ સ્વીકારી છે અને ભલે પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપનો ડંકો વાગતો હોય તો પણ તેમને વિરોધમાં બેસવા વાળો એક માણસ એવો જોઈએ છે કે ન માત્ર વિધાનસભા પરંતુ શેરીઓમાં પણ સમરાંગણની સ્થિતિ સર્જી સરકારની અને પક્ષની પ્રજા વિરોધી એવી નીતિનો ખુલ્લેઆમ અને બળકટ વિરોધ કરે. કદાચ આવો બળકટ વિરોધ છેલ્લા ૨૦ વર્ષથીખૂબઓછાપ્રમાણમાંદેખાઈરહ્યો છે. કારણ કે જે લોકો વિરોધ કરવાની ક્ષમતાધરાવતાહતાતેનેતેનાપક્ષમાંલઈ જઈનેબેસાડી દેવામાં આવ્યા.

પણ વાત એ કરવી છે કે જે રીતેગોપાલઈટાલીયાવિસાવદરનીસીટ ઉપર જીતીને આવે છે અને એક મોટો અપસેટ સર્જી દે છે. તેની પાછળ કારણો ઘણા બધા છે પણ તેના રાજકીય સમીકરણો શું હશે. તેનો ર૩મી તારીખે પરિણામ બપોરના સમયે આવતા સાંજ પડતા કોંગ્રેસના શકિતસિંહ ગોહિલને રાજીનામું આપી દેવાની ફરજ પડે તે ગોપાલની ગુંજનું પરિણામ છે એમ કહીએ તો ખોટું નથી. કારણ કે શકિતસિંહ જેવા સજ્જન વ્યકિતએ પોતાના પદ ઉપરથી ખસી જવાનું ઉચિત માની લીધું. પરંતુ કદાચ વિસાવદરમાં કોંગ્રેસનાની જવાબદારી જેને હતી તે તો ફુટેલી કારતુસ જેવા નીકળ્યા! કારણ કે કોંગ્રેસના એ લોકો કે જે ગોપાલ ઈટાલીયાના સ્ટીંગ ઓપરેશનમાં વિસાવદરની હોટલમાં નાણાંની લેતીદીતી થઈ રહી છે ત્યાં દેખાઈ રહ્યા છે. પછી ઈટાલીયાનો આક્ષેપ છે કે તેઓ આમ આદમીના મતને ભાજપની સાથે ટ્રાન્સફર કરી રહ્યા છે, પૈસાના સોદાઓ પાડી રહ્યા છે. તેમાંથી કેટલાંક ગુજરાત કોંગ્રેસના બૂમબરાડા પાડનારા મોટા ગજાનાં નેતા હતા. હવે તમે વિચાર કરો કે અહીં કોંગ્રેસની ડિપોઝિટ જાય તેમાં કદાચ શકિતસિંહનો દોષ ઓછો પણ જેના ભરોસે દૂધ હોય તે જ પી જાય તો તેમાં દોષ કોનો ગણવો ?! ખેર, પણ તેમાં કોંગ્રેસને પોતાની ભૂલ સારી રીતે સમજાવવામાં ગોપાલનું એ સ્ટિંગ ખૂબ ખૂબ કામ કરી ગયું. કદાચ આવી સાફ સુફી હવે કોંગ્રેસની સ્થિતિ માટે જરૂરી બનશે. નહીતર હવે કોંગ્રેસ સાફ થવાની કગાર પર ઉભી છે! એવા લોકોને કદાચ કોંગ્રેસમાં બહુ મહત્વનું પદ નહીં મળે કે જેમણે કોંગ્રેસને ખંજર ભોકવાનું કામ કર્યુ હોય. કોંગ્રેસેના કેટલાક નેતાઓ હવે વંડી ઉપર આવી જશે અને સંભવ છે કે આવતા દિવસોમાં હજુ પણ ગુજરાતના



વિરોધ પક્ષ તરીકે આમ આદમી પાર્ટી સક્ષમ બને તો લોકો તેના તરફ ખેંચાઈ પણખરા! પરંતુ આવી શકયતાઓ ખૂબ ધૂંધળી છે કારણ કે રાષ્ટ્રીય કક્ષાએ પણ આમ આદમી પાર્ટીનું હવે એવું મોટું કહી શકાય એવું વજૂદ રહ્યું નથી. ત્યારે ત્યાં હજુ પણ મોટો ઉલટફેર સંભવ નથી. પરંતુ કોંગ્રેસને હવે ઊભી થવા માટે કોઈ ખાસ આશાનું કિરણ દેખાતું નથી તેના તમામ લોકો હવે હાંસિયામાં આવશે. કોંગ્રેસે ઊભું થવા માટે પોતાનો વિરોધ શેરીઓ અને સોશિયલ મીડિયા ઉપર લઈ જવો પડે જે કોઈ કરી શકતું નથી તેથી તેનું ભવિષ્ય હવે કોઈ ખાસ દેખાતું નથી.

ભાજપના મુખ્યમંત્રી વિસાવદરના કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરે અને પક્ષના પ્રમુખ પેટા ચૂંટણી માટે ચાર્ટર પ્લેન લઈને આટા ફેરા મારે અને પછી આ ચૂંટણી હારી જઈએ તો વડીલોનો ઠપકો નહીં ડંડો પડે ! પેટા ચૂંટણીના પરિણામો વિધાનસભાના ફલોર માટે એટલા કોઈ મહત્વના કે વજૂદ વાળા ન ગણી શકાય. પરંતુ તે પ્રજાનો આક્રોશ અને રૂખ બતાવી રહ્યા છે તે જરૂર કહી શકાય. તેથી પેટા ચૂંટણીનું પરિણામ સત્તાધારી પક્ષના પક્ષે જ આવવું જોઈએ તે બહુ સ્વાભાવિક અને સાદી સમજ છે. પરંતુ વિસાવદરમાં ૫૧% જેટલા મત લઈને વિરોધ પક્ષનો અને તે પણ સાવ નવા વિરોધ પક્ષનો વ્યકિત ચૂંટાઈ આવે તો પક્ષમાં એક લખલખું અને ધ્રુજારો જરૂર આવી જાય. ભુતકાળમા ૨૦૦૧માં સપ્ટેમ્બરમાં સાબરકાંઠા લોકસભા અને સાબરમતીની વિધાનસભાની પેટા ચૂંટણીઓ થયેલી સાબરકાંઠાની પાર્લામેન્ટ ચૂંટણીમાં કોંગ્રેસના મધુસુદન મિસ્ત્રીનો વિજય થયો હતો અને સાબરમતી પેટા ચૂંટણીમાં નરહરી અમીન જીત્યાં હતા. આ ચૂંટણી મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ માટે ઘાતક સાબિત થઈ હતી. દિલ્હીથી તાત્કાલિક ભારતીય જનતા પાર્ટીએ નરેન્દ્ર મોદી નામના સંગઠનના વ્યકિતને અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર બોલાવીને સીધા રાજભવનમાં મુખ્યમંત્રીના શપથ લેવડાવ્યા હતા. આ ઘટનાને ગુજરાતના રાજકારણમાં ખૂબ મહત્વની માનવામાં આવે છે. તેથી હવે આગામી સમયમાં ભાજપ પોતાના પક્ષ અને સરકારમાં એવા ફેરફારો કરશે કે જે કોઈએ કલ્પના ન કરી હોય લાંબો સમય સુધી ગાડુ ચલાવવામાં પ્રજાના અસંતોષ ને વધુ બળ મળે. તેથી તે જો રોકવામાં ન આવે તો રાજકીય રીતે ઘણી ઉથલપાથલો જોવા મળે ! તેથી સરકારના કેટલાક મંત્રીઓ કે જે ગ્રાઉન્ડ જીરો ઉપર કોઈ મહત્વ ધરાવતા નથી તેને પાણીચું પકડાવામાં આવશે. જે રીતે ભાજપના સંગઠનને હવે એક પ્રકારનો પક્ષઘાત થયો છે તેને સુધારવાનો પ્રયત્ન થશે. કેન્દ્રના જુના જોગીઓ પણ અલગ રીતે બદલવાની કોશિશ કરશે અને તેમાં પણ ખાસ કરીને લેઉવા પટેલ સમાજ કે જે ભાજપથી સતત નારાજગી દર્શાવી રહ્યો છે તેને સુધારવાનો પ્રયત્ન કરીને કોઈ નવા ચહેરાવો ઉતારવાની શકયતાઓ જોવાઈ રહે છે. અમરેલી, જૂનાગઢ, રાજકોટ વગેરે જિલ્લાઓમાં મંત્રીમંડળ માં વધુ લોકોને સ્થાન મળે અને કેટલાકને ગડગડિયુ મળે તેમ માનવું રહ્યું. અહીં નામ નથી લખવા પરંતુ જે લોકો સત્તામાં છે તેને ખ્યાલ છે કે આપણે સ્ટ્રેટેજી અને સમાજમાં કોઈ ઉપયોગી કે મહત્વનું કામ કરી રહ્યા નથી એટલે સંભવ છે કે આપણે કોરાણે મુકાઈ જઈએ.



–તખુભાઈ સાંડસુર

# રાજુલા ગૌશાળા મેનેજરનુ લાંબી બીમારી બાદ અવસાન





તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા


રાજુલા, તા. ૨૪

રાજુલા ગેશાળા ના મેનેજર મનસુખભાઈ જીવનભાઈ જોશી તા. ૨૨/૬/૨૦૨૫ના રોજ ટૂંકી બીમારી ના કારણે અવસાન પામતા રાજુલા ગૌશાળામાં પ્રાર્થના સભા રાખવામાં આવેલ હતી સ્વ. મનસુખભાઈ જોશી રાજુલા ગેશાળ ામાં ઘણા વર્ષો સુધી સેવા આપી હતી અને ચાલુ વાવાઝોડામાં ગાયોને તેઓએ બચાવી હતી અને સુરક્ષિત જગ્યાએ લઈ ગયા હતા અને ગાયો પ્રત્યેની તેમની ખૂબ જ ઉમદા સેવાઓ હતી આજરોજ પ્રાર્થના સભામાં રાજુલા ગૌશાળા કમિટીના મેમ્બરો શ્રી ઉમેશભાઈ મોદી મહેશભાઈ વ્યાસ, વિપુલભાઈ લહેરી, ઝંડુભાઈ ભટ્ટ, પ્રવીણભાઈ જાની, કેતનભાઈ મકવાણા બ્રહ્મ સમાજના ચિરાગભાઈ જોશી, સુનિલભાઈ રાઠોડ તેમજ રાજુલા ગૌશાળાના ટ્રસ્ટી બિપીનભાઈ લહેરી તેમજ મુબંઈના નવનીતભાઈ વોરાના ટેલીફોનીક સંદેશો આવ્યા હતા આજુબાજુના અને ગૌશાળાનો સ્ટાફ હાજર રહી બધાએ પુષ્પાંજલિ અર્પણ કરી અને રામધૂન કરી તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# જાફરાબાદ : પિકઅપ સેન્ટરમાં સ્વચ્છતા અભિયાનના ઉડયા ધજાગરા





જાફરાબાદ, તા. ૨૪

જાફરાબાદ ખાતે આવેલ એસ.ટી. બસ નું પિકઅપ સેન્ટર બન્યું શોભા ના ગાંઠીયા સમાન લાખો રૂપિયા ની ગ્રાન્ટ માંથી બનેલું પિકઅપ સેન્ટર મુસાફર જનતા ને બેસવા માટે બનેલું પરંતુ પાલિકા ધ્વારા સાફસફાઈ તથા જાળવણી ન થતા પશુઓ માટે બન્યું અખાડો સ્વચ્છતા અભિયાન ના ઉડી રહ્યા છે. ધજાગરા ભરચક્ક વિસ્તારમાં આવેલ એસ.ટી. બસ નું પિકઅપ સેન્ટરમાં મુસાફરોને બેસવા માટે બનવેલું પિકઅપ સેન્ટર પશુઓ અને માલઢોર માટે રહેવા તબેલો હોય તેવું અહી મરમુત્રર ના ઢગલા જોવા મળી રહ્યા છે. પરંતુ સ્વચ્છતા અભિયાન ની ગુલબાંગો ફેક કરતી પાલિકા ના ધ્યાન ઉપર કયારે આવશે. પ્રજાનો ટેકસના પરસેવાથી બનેલ આ એસ.ટી. બસના પિકઅપ સેન્ટર ની જવાબદાર પાલિકા ધ્વારા સાફસફાઈ ન કરતી હોવાથી મરમુત્રર ના ઢગલા જોવા મળી રહ્યા છે. પરંતુ જવાબદાર પાલિકા ના ધ્યાન ઉપર કયારે આવશે. લાખો રૂપિયા ની ગ્રાન્ટ માંથી ઉભી કરેલી સવલતો ની જાળવણી કે સાફસફાઈ ન થવાથી ગંદકી થી ખદબદતી જોવા ઉલ્ટા ચશ્માં પહેરાવી દેવામાં માહીર છે પરંતુ મહત્વની જગ્યા કહી શકાય કે ત્યાં પંદરમી ઓગસ્ટ હોય કે પછી રાષ્ટ્રીય તહેવારો કે પછી અન્ય તહેવારોની ઉજવણી આ બંદર ચોકમાં થતી હોય છે. અહી લાઈબ્રેરી તથા આજુબાજુમાં દુકાનો હોય અહી એસ.ટી. બસમાં ગામ થી આવતા મુસાફરો તેમજ સ્થાનિક મુસાફર ને બેસવા માટે બનાવેલું પિકઅપ સેન્ટર શોભા ના ગાંઠીયા સમાન બની ગયું છે. આ પિકઅપ સેન્ટર મુસાફર જનતા કરતા દરરોજ માલઢોર માટે બેસવાની સુવિધા ઉપલબ્ધ પાલિકા ધ્વારા કરવામાં આવી હોય તેવું અહી જોતા લાગી રહ્યું છે પરંતુ જવાબદાર પાલિકા ધ્વારા કોઈ પણ જાતની સાફસફાઈ કરવામાં આવતી નથી. મુસાફર જનતા માંથી પાલિકા સામે રોષ જોવા મળી રહ્યો છે. શું આ બાબતની ગંભીરતા લેવામાં આવશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે.

# અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કોલેજોના–એન.સી.સી. ગર્લ્સ કેડેટસની CATC કેમ્પમાં વિશેષ સિદ્ધી







અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલાઆર્ટસકોલેજ, કમાણીસાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ તથા કે.કે. પારેખ કોમર્સ કોલેજ અમરેલીના સંયુકત ચાલતા એન.સી.સી. યુનિટમાંથી કુલ ૩૦ કેડેટસે પાલિતાણાના વાળકડ મુકામે તા. ૧૬/૫/૨૦૨૫થી તા. ૨૫/૫/૨૦૨૫ દરમ્યાન CATC કેમ્પસમાં ભાગ લીધેલ. જેમાં કેમ્પ દરમ્યાન અલગ–અલગ સંસ્થાઓના તજજ્ઞો દ્વારાએન.સી.સી. કેડેટસને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિસ્ત અને અનુશાસન તથા ડ્રીલ શીખવવામાં આવેલ તેમજ આ કેમ્પમાં અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલીના ત્રણેય કોલેજના એન.સી.સી. કેડેટસે વિશેષ સિધ્ધી હાંસલ કરી હતી. ગાર્ડ ઓફ ઓનરમાં દ્વિતીય, કવીઝ સ્પર્ધામાં દ્વિતીય, શુટીગમાં પ્રથમ અને દ્વિતીય ગ્રુપ સોગમાં પ્રથમ તથા ડ્રામા ગ્રુપમાં પ્રથમ નંબર મેળવી અમરેલી શહેરની કોલેજોનું ગૌરવ વધારેલ છે. આ વિશેષ સિધ્ધી હાંસલ કરવા માટે માતૃશ્રી મોઘીબા મહિલા આર્ટસ કોલેજ અમરેલીના એન.સી.સી. ઓફિસર લેફટનન્ટ મનીષાબેન સાગઠીયાએ વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપી વિશેષ જહેમત ઉઠાવી હતી. કેમ્પ દરમ્યાન પ્રા. મનીષાબેન સાગઠીયાએ ડેપ્યુટી કેમ્પ કમાન્ડર તરીકે ભુમિકા બજાવી હતી. આ કેમ્પ સિનિયર તરીકે કેડેટસ જમોડ ખુશીની પસંદગી થયેલી હતી. તેઓની આ શ્રેષ્ઠ સિધ્ધી બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખુંટ, વિદ્યાસભાના નિયામક ડો. ગીરીશ ભીમાણી, કેમ્પસ ડાયરેકટર વી.એન. પેથાણી, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. જી.વી. વેલિયત તથા સમગ્ર સ્ટાફમિત્રો ટ્રસ્ટી તથા વિદ્યાર્થીનીઓ તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવી આગામી સ્પર્ધા માટે ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

## સમગ્ર જિલ્લામાં વાવણીલાયક વરસાદ વરસી જતાં

# ખાંભા સહિત સમગ્ર જિલ્લામાં ખેડૂતો દ્વારા વાવણીનાં શ્રી ગણેશ

**ઘરે-ઘરે લાપસીનાં આંધણ મુકાયા અને જગતાત ગણાતાં ખેડૂતોએ હોંશભેર વાવણી કાર્ય શરૂ કર્યુ**

**ખેતઓજારોની પૂજા કરવામાં આવી અને બાદમાં સાધનો લઈ ખેડૂતો પહોંચ્યા ખેતરમાં**

**જિલ્લામાં સૌથી વધુ વાવેતર કપાસ, મગફળીનું કરવામાં આવતું હોય છે**

**બળદને કુમકુમ તિલક કરી ગોળ, ધાણાથી મોં મીઠા કરાવી ધરતી માતાનું પૂજન પણ કરાયું**



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

અમરેલી, તા. ૨૪

ખાંભા સહિત સમગ્ર અમરેલી જિલ્લામાં મોં માંગ્યો વરસાદ પડતાં જિલ્લાભરમાં ખેડૂતો દ્વારા વાવણીનાં શ્રી ગણેશ કરવામાં આવ્યા છે.

અમરેલી જિલ્લામાં સૌથી વધુ વાવેતર કપાસ અને મગફળીનું કરવામાં આવતું હોય છે અને બાદમાં ઘઉંનું વાવેતર કરાતું હોય છે. જો કે જીરૂ, મગ, બાજરો, રાયડો સહિતનાં પાકો પણ વાવેતર મૌસમ પ્રમાણે કરાતું હોય છે.

**ખાંભા**

ખાંભા ગીર પંથકમાં વાવણીલાયક વરસાદ થતાં ખેડૂતોમાં ખૂશીનો માહોલ જોવા મળી રહ્યો હતો અને ખેડૂતો વાવણીનાં શ્રી ગણેશ કર્યા હતા. ખેડૂતો સવારથી જ પોતાના બળ દગાડા તેમજ ટ્રેકટર તથા અન્ય સાધનો લઈને ખેડૂતો ખેતરે પહોંચ્યા હતા અને વાવણીનાં શ્રી ગણેશ કર્યા હતા અને શાસ્ત્રોકત વિધિ પ્રમાણે બદળને કુમકુમા તિલક કરી ગોળ, ધાણાથી મોં મીઠા કરાવી અને ધરતી માતાનું પૂજન કરી ખેડૂતો વાવણીમાં જોતરાયા હતા. આ વખતે ખાંભા ગીર પંથકમાં સિંગનું મોટા પ્રમાણમાં વાવતેર કરવામાં આવી રહ્યું છે અને ખેડૂતોએ હોંશે હોંશે વાવેતર કર્યુ.


### બાબરા નજીક આવેલ

## ધરાઈ બાલમુકુન્દજીની હવેલીનાં મુખ્યાજી યુરોપનાં પ્રવાસે જઈ રહ્યા છે

અમરેલી, તા. ૨૪

બાબરા તાલુકાનાં ધરાઈ ગામની બાલમુકુન્દ હવેલીના મુખ્યાજી ફરી એકવાર ફિનલેન્ડ (યુરોપ) દેશમા ધૂમ મચાવા જઈ રહ્યા છે.

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામમાં આવેલ વિવિખ્યાત બાલમુકુન્દ પ્રભુની હવેલીના મુખ્યાજી અને ક્રિષ્ના મ્યુઝિક ઈવેન્ટના ઓર્ગેનાઈઝર જોષી દ્વારકેશભાઈ અને તેમના સાથી




કલાકારો સાથે એક ભવ્ય ઈવેન્ટનું આગામી ૯ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ આયોજન થવા જઈ રહ્યુ છે. આ આયોજનમા ગુજરાતનું ગૌરવ જેને ગુજરાતી સંગીત સાથે બાલીવુડમાં પણ આગવું સ્થાન મેળવ્યું છે અને G-TV ચેનલમા આવતો સા રે ગ માના પ્રોગ્રામમા ફાઈનલ લિસ્ટમા પહોંચેલા એવા મહર્ષિ પંડયા એમની ટીમ સાથે ગરબાના તાલ સાથે ફિનલેન્ડ વાસીઓને ઝુમાવશે.

## વડિયાનાં વૃધ્ધ મતદારોને પોલીસે જરૂરી મદદ કરી



અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં ગઈકાલે વરસાદી વાતાવરણ વચ્ચે યોજાયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાની કામગીરીની સાથે સાથે મતદાન કરવા માંગતા વૃધ્ધ મતદારો તથા દિવ્યાંગ મતદારોને મતદાન કરવા માટે જરૂરી મદદ કરી મત કુટીર સુધી લઈ જવાની પણ ફરજ પરના પોલીસ તથા હોમગાર્ડ કર્મીઓ દ્વારા મદદ કરી હતી. અને આ લોકશાહીના પર્વમાં ઉત્સાહ પૂર્વકની પોલીસની કામગીરીનો વીડિયો તથા ફોટોગ્રાફ જિલ્લા પોલીસ વડાએ શેર કરી પોલીસની કામગીરી બિરદાવી હતી.

## માનવ અધિકારોની સુરક્ષા જાળવણી અને જાગૃતિ માટે આગળ આવો

અમરેલી, તા. ૨૪

માનવ અધિકાર સંરક્ષણ કાયદો ૧૯૯૩નો હેતુ એ છે કે ભારતમાં રહેતા તમામ નાગરિકોના માનવ અધિકારોનું રક્ષણ કરવું અને માનવ અધિકારોનો બહોળા પ્રચાર અને પ્રસાર કરવો અને લોકોમાં માનવ અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવી.

માનવ અધિકારની વ્યાખ્યા :– માનવ અધિકાર (કલમ ૨(૧) (ડી): માનવ અધિકાર એટલે ભારતીય બંધારણમાં આપેલ બાહેધરી અથવા આંતરરાષ્ટ્રીય સંધિઓમાં જેનો સમાવેશ થાય છે અને ભારતના ન્યાયાલયોમાં અમલમાં મૂકી શકાય તેવા વ્યક્તિઓના જીવન, સ્વતંત્રતા, સમાનતા, અને ગૌરવને લગતા અધિકારો.

આપ આપની નજર સમક્ષ બનતી ઘટનાઓ, આપની આસપાસ બનતી ઘટનાઓ, આપના વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં કોઈ એવી ઘટના ઘટી હોય જેમાં વ્યક્તિ/લોકોના માનવ અધિકારોનો ભંગ થતો હોય તો નીચે મુજબ આપેલ સરનામે માનવ અધિકારોની સુરક્ષા માટે સંપર્ક કરી ફરિયાદ દાખલ કરો. અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે કોઈપણ વ્યક્તિ/લોકોના માનવ અધિકાર ભંગની જાણકારી ધરાવતી કોઈપણ વ્યક્તિ માનવ અધિકાર ભંગની ફરિયાદ આયોગ સમક્ષ કરી શકે છે.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગનું સરનામું :– રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ માનવ અધિકાર ભવન બ્લોક–સી, જી.પી.ઓ કોમ્પ્લેક્ષ, આઈએનએ.–નવીદિલ્હી–૧૧૦૦૨૩ ટેલીફોન નંબર :– ૦૧૧–૨૪૬૫૧૩૩૦, ફેકસ નંબર ૦૧૧–૨૪૬૫૧૩૨૯, ફરિયાદ માટે ઈમેલ એડ્રેસઃ – covdnhrc@nic.in, jonhrc@nic.in, cr.nhrc@nic.in & ફેકસ– ૦૧૧– ૨૪૬૫૧૩૩૨ Website : www.nhrc.nic.in, હેલ્પલાઈન મદદ– ૦૧૧–૨૪૬૫૧૩૩૦, મોબાઈલ નંબર–૦૯૮૧૦૨૯૮૯૦૦

રાજય માનવ અધિકાર આયોગનું સરનામું :– ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ, કર્મયોગી ભવન, સેકટર–૧૦–એ બ્લોક નંબર–૧, ૪થો અને ૫મો માળ – ગાંધીનગર–૩૮૨૦૧૭ ટેલીફોન નંબર – ૦૭૯–૨૩૨–૫૭૫૯૫–૯૩–૪૭, ફેકસ નંબર–૦૭૯–૨૩૨–૫૭૫૯૬

ખુશ ખબર સારા સમાચાર TATA AIA LIFE INSURANCE ખુશ ખબર સારા સમાચાર ખુશ ખબર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
SPECIAL OFFER
PREMIUM MODEL EXCHANGE & LOYALTY BONUS
(MINUS XTREME 160 2V)*
₹5000/-
Cash Discount ₹3100/-
Cash Discount ₹3000/-
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

JUNE SPECIAL Offer
Ex Showroom ₹68,821/-*
Down Payment ₹2999/-*
ઈન્સ્યોરન્સ ફ્રી
સ્પેશિયલ ડિસ્કાઉન્ટ ₹6500/-
Shine 100
*Offer valid 30/06/2025
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

### મિડલ ઈસ્ટ ક્રાઈસીસને પગલે

# ઈરાન માટેના ભારતના બાસમતી ચોખા કંડલા અને મુંદ્રા પોર્ટ ખાતે અટવાયા

**ભારતીય બાસમતી ચોખાની સૌથી વધુ આયાત સાઉદી અરેબિયાથી થાય છે અને બીજા ક્રમે ઈરાનમાં થાય છે**

નવી દિલ્હી, તા.૨૪

ઓલ ઈન્ડિયા રાઈસ એક્સપોર્ટર્સ એસોસિએશને સોમવારે કહ્યું હતું કે ઈઝરાયેલ-ઈરાન ઘર્ષણને પગલે ઈરાન ખાતે નિકાસ કરવામાં આવનારા ૧ લાખ ટન જેટલા બાસમતી ચોખા પોર્ટ ખાતે અટવાયા છે. એસોસિએશનના પ્રમુખ સતીષ ગોયલે કહ્યું હતું કે અંદાજે ૧ લાખ ટન બાસમતી ચોખા ઈરાન ખાતે નિકાસ થવાના હતા. પરંતુ યુદ્ધની સ્થિતિ વચ્ચે આ ચોખા પોર્ટ ખાતે અટવાઈ પડ્યા છે. ભારતની બાસમતી ચોખાની કુલ નિકાસ પૈકી ૧૮-૨૦ ટકા ઈરાન ખાતે થાય છે. ગોયલે કહ્યું હતું કે મુખ્યત્વે આ ચોખાનો જથ્થો હાલમાં ગુજરાતના કંડલા અને મુંદ્રા પોર્ટ ખાતે છે. કારણ કે ઈરાન ખાતે જવા માટે કોઈ વેસલ (જહાજ) પણ નથી મળતું અને કોઈ વીમો પણ નથી મળી રહ્યો. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય ઘર્ષણ સામાન્ય રીતે શિપિંગ ઈન્સ્યોરન્સ પોલિસી હેઠળ કવર નથી થતા. તેને કારણે નિકાસકારો તેમના કન્સાઈનમેન્ટ મોકલી શકતા નથી. તેમણે કહ્યું કે શિપમેન્ટમાં વિલંબ અને પેમેન્ટ અંગે અનિશ્ચિતતાને કારણે ગંભીર નાણાકીય સંકટ ઊભું થાય છે. બાસમતી ચોકાના ભાવ સ્થાનિક બજારમાં કિલોગ્રામ દીઠ ૪-૫ ઘટી ગયા છે. એસોસિએશન કેન્દ્રીય એગ્રી-એક્સપોર્ટ પ્રમોશન સંગઠન અપેડા સાથે સંપર્કમાં છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે ૩૦ જૂને આ અંગે મીટિંગ યોજાવાની છે.ભારતીય બાસમતી ચોખાની સૌથી વધુ આયાત સાઉદી અરેબિયામાં થાય છે અને બીજા ક્રમે ઈરાનમાં થાય છે. ૨૦૨૪-૨૫માં ભારતે ઈરાન ખાતે ૧૦ લાખ ટન બાસમતી ચોખાની નિકાસ કરી હતી. કુલ ૬૦ લાખ ટન બાસમતી ચોખાની નિકાસ કરી હતી. આ ઉપરાંત ઈરાક, યુએઈ અને અમેરિકા ખાતે તેની મુખ્યત્વે નિકાસ થાય છે. ઈઝરાયેલ-ઈરાન ઘર્ષણ તાજેતરના સપ્તાહમાં ખાસ્સું વધી ગયું છે. બન્ને તરફે ભારે મિસાઈલ હુમલા થઈ રહ્યા છે. અમેરિકાએ પણ તેમાં ઝંપલાવ્યું છે તે જોતા આ ઘર્ષણ વધાર સમય ચાલશે તેવી સંભાવના જોવાઈ રહી છે. તેને પગલે મિડલ ઈસ્ટમાં શિપિંગની સમસ્યા ઊભી થઈ છે.

### AIની લંડન-મુંબઈ ફ્લાઇટમાં મુસાફરો બીમાર પડ્યા

# એર ઈન્ડિયાની બે, ઈન્ડિગોની એક ફ્લાઇટમાં ખામી સર્જાઈ

**૧૪૦ મુસાફરોને લઈ જઈ રહેલી એર ઈન્ડિયાની જયપુર-દુબઇ ફ્લાઇટના કોકપિટમાં ખામી**

નવી દિલ્હી, તા.૨૪

દેશની એરલાઈન્સની ફ્લાઈટમાં ટેકનિકલ ખામી પેદા થવાનો અને ફ્લાઈટ રદ થવાનો ક્રમ યથાવત છે. સોમવારે એર ઈન્ડિયા એક્સપ્રેસની બે ફ્લાઈટ અને ઈન્ડિગોની એક ફ્લાઈટમાં ખામી સર્જાઈ હતી. જ્યારે, રવિવારે એર ઈન્ડિયાની ફ્લાઈટ સાથે પક્ષી ટકરાવાને લીધે નેક્સ્ટ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. સોમવારે એર ઈન્ડિયા એક્સપ્રેસની જયપુરથી દુબઈની ફ્લાઈટમાં ટેક ઓફ પહેલા કોકપિટમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. એમાં ૧૩૦ મુસાફરો હતા. ત્યાર પછી દુબઈની આ ફ્લાઈટને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. એર ઈન્ડિયા એક્સપ્રેસની દિલ્હી-જમ્મુ-શ્રીનગર ફ્લાઈટે જમ્મુ એરપોર્ટ પર લેન્ડ કર્યા પછી દિલ્હી પરત ફરી હતી. અધિકારીઓએ જણાવ્યું કે ફ્લાઈટ નંબર આઈએક્સ-૨૫૬૪એ શ્રીનગરથી પહેલા જમ્મુ ઉતરવાનું હતું. હવામાન અને રનવે ખુલ્લો હતો, પરંતુ પાયલટને ઉચિત લેન્ડિંગ પોઈન્ટ મળ્યો નહીં. સોમવારે ઈન્દોર-ભુવનેશ્વરની ફ્લાઈટ ૬એ ૬૩૩૨ (એરબસ એ૩૨૦ નિયો વિમાન)માં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. આ ફ્લાઈટમાં ૮૦ મુસાફરો હતા. જોકે, ખામી સુધાર્યા પછી વિમાનને ઈન્દોરથી ભુવનેશ્વર માટે રવાના કરાયું હતું. લંડનથી મુંબઈ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં સવાર પાંચ મુસાફરો અને બે ક્રૂ સભ્યો બીમાર પડવાની ઘટના પ્રકાશમાં આવી છે. એર ઈન્ડિયાએ જણાવ્યું કે સાતમાંથી બે મુસાફરો અને બે કેબિન ક્રૂની તબિયત વધુ ખરાબ હોવાથી તપાસ માટે મેડિકલ રૂમમાં લઈ જવામાં આવ્યા હતા અને પછી તેમને ડિસ્ચાર્જ કરાયા હતા.

### સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં આજે છૂટોછવાયો વરસાદ

# સૌરાષ્ટ્રના ૧૦ જળાશયો છલકાઈ જતાં હાઈ એલર્ટ જાહેર કરાયું

**જામનગરનો રણજીતસાગર ડેમ તેની સંપૂર્ણ ક્ષમતાએ ભરાઈને ઓવરફ્લો થયો છે**

ભરૂચ, તા.૨૪

સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં આજે છૂટોછવાયો વરસાદ નોંધાયો છે, જ્યારે સૌરાષ્ટ્રના કુલ ૧૦ ડેમો છલકાઈ જતાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેરમાં સવારથી ઝરમર વરસાદ જોવા મળ્યો હતો. ગીર જંગલ નજીક આવેલા જામવાળા ગામમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ અને ખાંભા પંથકમાં પણ વરસાદ વરસ્યો હતો.ને ગીર પંથકમાં ધોધમાર વરસાદ પડ્યો હતો.ભાવનગર જિલ્લાના દસ તાલુકામાંથી છ તાલુકામાં આજે સવારના ૬ થી ૧૦ કલાક દરમિયાન હળવો વરસાદ નોંધાયો છે. આ સમયગાળામાં વલ્લભીપુરમાં સૌથી વધુ ૦.૨૮ ઈંચ વરસાદ પડ્યો હતો. અન્ય તાલુકાઓમાં સિહોરમાં ૦.૧૬ ઈંચ, ઉમરાળામાં ૦.૦૮ ઈંચ અને ગારીયાધાર, પાલીતાણા તથા જેસરમાં ૦.૦૪-૦.૦૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. અમરેલી જિલ્લાના ધાતરવાડી અને સુરજવાડી, સુરેન્દ્રનગરના વાંસલ, લીમ-ભોગાવો-૧ અને સબુરી, જામનગર જિલ્લાના વાઘડીયા, કચ્છના કલાઘોઘા, ભાવનગરના રોજકી તથા બગડ અને બોટાદ જિલ્લાના ભીમદાદ એમ કુલ ૧૦ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા ભરાઈ ગયા છે, જેથી હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકા પાસેનો ભાદર-૨ ડેમ ઓવરફ્લો થતાં ડેમના ૧ દરવાજાને ૦.૩ મીટર ખોલવામાં આવ્યો છે, આથી ડેમના હેઠવાસના ગામોમાં ચેતવણી જાહેર કરવામાં આવી છે.જામનગર પંથકમાં સરેરાશ બે થી સાડા છ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જામનગરનો રણજીતસાગર ડેમ ગઈકાલે મોડી રાત્રે તેની સંપૂર્ણ ક્ષમતાએ ભરાઈને ઓવરફ્લો થયો છે.

### ઈરાન-ઈઝરાયેલને આપી ચેતવણી

# બોમ્બ ન ફેંકો, જેટ પાછા બોલાવો યુદ્ધવિરામ ભંગ બાદ ટ્રમ્પ ભડક્યા

**ખાસ કરીને ઇઝરાયેલની ટીકા કરતા કહ્યું કે, યુદ્ધવિરામ પછી તરત આટલો મોટો હુમલો ન કરવો જોઈતો હતો**

તેહરાન,તા.૨૪

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈરાન-ઈઝરાયલ સંઘર્ષ વચ્ચે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું એક મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે કહ્યું કે, ઈરાન અને ઈઝરાયેલ બંનેએ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે. તેમણે ખાસ કરીને ઈઝરાયેલની ટીકા કરતા કહ્યું કે, યુદ્ધવિરામ પછી તરત જ તેણે આટલો મોટો હુમલો ન કરવો જોઈતો હતો.ટ્રમ્પે કડક શબ્દોમાં કહ્યું કે, "ઈઝરાયેલ, બોમ્બ ન ફેંકો. જો તમે આવું કરો છો, તો તે એક મોટું ઉલ્લંઘન છે. તમારા પાઈલટ્સને તાત્કાલિક ઘરે પાછા બોલાવો." ટ્રમ્પે કહ્યું કે, "મને ગમ્યું નહીં કે, યુદ્ધવિરામ પર સંમત થયા પછી ઈઝરાયેલે તરત જ હુમલો કર્યો."

ટ્રમ્પનું નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે ઈઝરાયેલે અગાઉ આરોપ લગાવ્યો હતો કે, ઈરાન યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરે છે, પરંતુ ઈરાને આ આરોપોને ફગાવી દીધા હતા. યુએસ પ્રમુખ ટ્રમ્પે કહ્યું કે, ઈરાન ક્યારેય તેનો પરમાણુ કાર્યક્રમ ફરી શરૂ કરશે નહીં. તેમણે કહ્યું કે, તેઓ ઈરાનથી ખુશ નથી, અને તેઓ ઈઝરાયલથી પણ ખૂબ નાખુશ છે.ઈરાન કહે છે કે, જ્યારે બીર શેવા શહેર પર હુમલો થયો, ત્યારે તેણે છેલ્લી મિસાઈલ છોડી હતી અને આ યુદ્ધવિરામની જાહેરાત પહેલાની ઘટના હતી. ઈરાની પક્ષે તેને સ્વ-બચાવ પગલું ગણાવ્યું હતું અને યુદ્ધવિરામની શરતોનું ઉલ્લંઘન કરવાનો ઈનકાર કર્યો હતો. આ સમગ્ર ઘટનામાં કતારની ભૂમિકા પણ મહત્વપૂર્ણ હતી.અહેવાલ મુજબ, US રાષ્ટ્રપતિ ટ્રમ્પે કતારના અમીર સાથે ફોન પર વાત કરી હતી અને તેમને યુએસ સમર્થિત યુદ્ધવિરામ પ્રસ્તાવ સ્વીકારવા માટે ઈરાનને સમજાવવા વિનંતી કરી હતી. આ કોલ પછી, કતારના વડા પ્રધાને પહેલ કરી અને ઈરાનને આ પ્રસ્તાવ પર સંમત થવા માટે સમજાવ્યા હતા.

એક US અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે, "કતારના અમીરે ઈરાનને યુએસ સમર્થિત યુદ્ધવિરામ પ્રસ્તાવ પર સંમત થવા માટે મનાવ્યું હતું. ટ્રમ્પ અને કતારના અમીર વચ્ચેની વાતચીત પછી આ પહેલ કરવામાં આવી હતી." આ સ્પષ્ટ કરે છે કે, કતારે પ્રદેશમાં શાંતિ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ મધ્યસ્થી ભૂમિકા ભજવી હતી.આ યુદ્ધવિરામ એવા સમયે થયો, જ્યારે છેલ્લા કેટલાક દિવસોથી ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે તીવ્ર હુમલાઓ થઈ રહ્યા હતા, જેમાં બંને પક્ષોએ એકબીજાના લશ્કરી અને વ્યૂહાત્મક ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. અમેરિકા દ્વારા તાજેતરના બોમ્બમારા હુમલાઓ પછી તણાવ વધુ વધી ગયો હતો. હવે, જ્યારે યુદ્ધવિરામ અમલમાં આવ્યો છે, ત્યારે તેના પરનો વિવાદ પણ એટલો જ તીવ્ર છે. ટ્રમ્પના નિવેદનથી ઈઝરાયેલની લશ્કરી કાર્યવાહી અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે એક નવી ચર્ચા શરૂ થઈ છે.

### ન્યૂયોર્કમાં ભારે વરસાદથી બે બાળકી સહિત ત્રણનાં મોત થયા

# USના કેટલાક શહેરો ભીષણ ગરમીના ભરડામાં, તાપમાન ૪૨ ડિગ્રીને પાર

**હવામાનશાસ્ત્રીઓના મતે વાતાવરણના ઉપરના ભાગમાં તીવ્ર દબાણ સર્જાયું છે જેમાં ગરમી અને ભેજનો ભાગ રહેલો છે**

મેડિસન, તા.૨૪

અમેરિકાના મધ્યપશ્ચિમ તથા પૂર્વના કેટલાક શહેરોમાં ભીષણ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. કેટલાક શહેરોમાં તાપમાનનો પારો ૪૨ ડીગ્રીને પાર પહોંચવાની સાથે ચાલુ સપ્તાહમાં હીટવેવની પણ આગાહી હવામાન વિભાગે કરી છે. બીજીતરફ ન્યૂયોર્ક સહિતના શહેરોમાં વાવાઝોડા અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો જેમાં ત્રણ લોકોનાં મોત થયા હોવાના અહેવાલ છે.રાષ્ટ્રીય હવામાન સેવા દ્વારા જણાવાયું છે કે, યુએસમાં મિનેસોટાથી મૈને સુધીના વિસ્તારમાં લાખો લોકોને આગામી દિવસોમાં પ્રચંડ ગરમીનો અનુભવ થશે. અર્કાનસાસ, ટેનેસી, લ્યુઈસિયાના અને મિસિસિપીમાં બુધવાર સુધી તાપમાન ઊંચું જવાની આગાહી છે. આ ઉપરાંત હીટવેવનું જોખમ પણ રહેશે અને તે જીવલેણ નિવડી શકે છે તેવી ચેતવણી લોકોને આપવામાં આવી છે.હવામાનશાસ્ત્રીઓના મતે વાતાવરણના ઉપરના ભાગમાં તીવ્ર દબાણ સર્જાયું છે જેમાં ગરમી અને ભેજનો ભાગ રહેલો છે. આ ઘટનાને હીટ ડોમ તરીકે ઓળખવામાં આવે છે અને તે તીવ્ર ઊંચા તાપમાન માટે જવાબદાર રહે છે. રવિવારે સળંગ બીજા દિવસે મધ્યપશ્ચિમ અને પૂર્વ કાંઠાના શહેરોમાં વસતા લોકોએ ભારે ગરમીનો અહેસાસ કર્યો હતો. શિકાગોમાં તાપમાનનો પારો ૩૯.૪ ડીગ્રી સેલ્યિસય (૧૦૩ ફેરનહીટ) નોંધાયો હતો. ફિલાડેલ્ફિયામાં ૪૨.૨ ડીગ્રી સાથે સૌથી વધુ ગરમ શહેર હતું. મેડિસનના વિસ્કોનસિનમાં તાપમાન ૩૮.૩ ડીગ્રી જેટલું ઊંચું રહ્યું હતું. પિટ્સબર્ગ તથા કોલંબસ, ઓહિયો ખાતે ગરમી ૪૦ ડીગ્રી હતી. ફિલાડેલ્ફિયાના આરોગ્ય વિભાગે શહેરમાં બુધવાર સુધી ગરમીની કટોકટી જાહેર કરી છે. તંત્ર દ્વારા લોકોને કામ વગર બહાર નહીં નિકળવા અને વધુ પ્રમાણમાં પ્રવાહીનું સેવન કરવાની સલાહ આપવામાં આવી છે. ડેલાવેરના રેહોબોથ બીચ પર તાપમાન ૨૭ ડીગ્રી આસપાસ હોવાથી રવિવારે કીડીયારું ઉભરાયું હતું. હવામાન નિષ્ણાતોના મતે આગામી બે દિવસમાં ન્યૂયોર્ક શહેરમાં પારો ૩૫ ડીગ્રીને પાર જવાની શક્યતા છે. મંગળવાર તથા બુધવારના પાટનગર વોશિંગ્ટન ડીસીમાં ગરમીનો પારો ૩૭.૭ ડીગ્રી આસપાસ રહેવાની સંભાવના છે. વિસ્કોનસિનના હવામાનશાસ્ત્રી માર્ગ ગેહરિંગના જણાવ્યા મુજબ અમેરિકામાં ઉનાળામાં ગરમીનું ઊંચું પ્રમાણ નવી વાત નથી. જુલાઈના મધ્ય ભાગ અથવા ઓગસ્ટના પ્રારંભમાં પણ ગરમીનો પ્રકોપ અનુભવાતો હોય છે. આ વર્ષે હીટવેવથી સમગ્ર પ્રદેશમાં અકળાવનારી ગરમી લોકો અનુભવી રહ્યા છે.બીજીતરફ મધ્ય ન્યૂયોર્કમાં ગાજવીત સાથે વરસાદ પડ્યો હતો. વાવાઝોડાને લીધે કેટલાક ઝાડ ધરાશયી થયા હતા. ઓનિડા કાઉન્ટી શેરિફની કચેરીના મતે શહેરમાં અનેક ઘરો પર ઝાડ પડ્યા હતા જેમાં એક ઘટનામાં છ વર્ષની બે બાળકીઓ તથા ૫૦ વર્ષીય મહિલાનું મોત થયું હતું.

### ભારત સહિતના દેશો માટે ગુડ ન્યૂઝ

# અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એલાન બાદ ક્રૂડ ઓઇલના ભાવ કડડભૂસ થયા

**યુએસ WITમાં પણ મોટો કડાકો નોંધાયો છે. સોમવારે ક્રૂડ ઓઇલ કિંમત ૯ ટકા સસ્તી થયા બાદ આજે વધુ ૭ ટકા ઘટી છે**

તેહરાન,તા.૨૪

ઈરાન અને ઈઝરાયલ બંને યુદ્ધવિરામ માટે સહમત થયા હોવાના અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એલાન બાદ ક્રૂડ ઓઈલના ભાવ કડડભૂસ થયા છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલ ફ્યુચર ૭ ટકા સુધી તૂટ્યું છે. યુએસ WITમાં પણ મોટો કડાકો નોંધાયો છે. સોમવારે ક્રૂડ ઓઈલ કિંમત ૯ ટકા સસ્તી થયા બાદ આજે વધુ ૭ ટકા ઘટી છે. બપોરે ૧ વાગ્યે WTI ક્રૂડ ૩.૪૦ ટકાના કડાકે ૬૬.૨૨ ડૉલર પ્રતિ બેરલ પર અને બ્રેન્ટ ક્રૂડ ૩.૪૯ ટકા તૂટી ૬૬.૨૯ ડૉલર પ્રતિ બેરલ પર ક્વોટ થઈ રહ્યું હતું.

ટ્રમ્પે ગઈકાલે મોડી રાત્રે જાહેરાત કરી હતી કે, ઈઝરાયલ અને ઈરાન સંપૂર્ણપણે સીઝફાયર કરવા સહમત થયા છે. ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ પણ આ મામલે ખાતરી આપી છે. જેના પગલે ક્રૂડ ઓઈલના ભાવ પટકાયા હતા. બંને દેશો વચ્ચે ભીષણ યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલ ૨૦થી ૨૫ ટકા ઉછળી સતત નવી ઊંચાઈએ પહોંચી રહ્યું હતું. પરંતુ યુદ્ધવિરામની જાહેરાત બાદ ભાવ ઠંડા થયા છે. ડૉલર પણ તૂટ્યો છે. ગઈકાલે ૭૮ ડૉલર પ્રતિ બેરલ પર ખૂલ્યા બાદ બ્રેન્ટ ક્રૂડ આજે ૬૫ ડૉલર પ્રતિ બેરલ થયુ હતું. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઈઝરાયલ અને ઈરાન યુદ્ધવિરામ માને સહમત થયા છે. બંને દેશો શાંતિ જાળવી રાખે અને ભીષણ યુદ્ધ ૨૪ કલાક બાદ ખતમ કરે તો ૧૨ દિવસથી ચાલી રહેલી લડાઈનો અંત આવશે. બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામ માટે ફૂલ અને કોમ્પ્રેહેન્સિવ સીઝફાયર અપ્લાય થશે. ટ્રમ્પની આ જાહેરાતથી શેરબજારમાં તેજી આવી હતી. ડૉલર ઈન્ડેક્સ પણ વધ્યો હતો. પરિણામે ક્રૂડના ભાવો તૂટ્યા હતા.

ઈરાન ઓપેકમાં ત્રીજો ટોચનો ક્રૂડ ઉત્પાદક છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ભીષણ યુદ્ધ શરુ થતાં ક્રૂડના ભાવ વધ્યા હતા. આ યુદ્ધમાં અમેરિકાની એન્ટ્રીથી ઈરાને વિશ્વને ૪૦ ટકા ક્રૂડ સપ્લાય કરતો દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુજ બંધ કરવા મંજૂરી આપી હતી. જેના લીધે ક્રૂડના ભાવમાં ભડકો થયો હતો. જો કે, આજે સીઝફાયરની જાહેરાત સાથે ક્રૂડના ભાવમાં નોંધાયેલા પ્રીમિયમ ડિસ્કાઉન્ટ થવાની શક્યતા વધી છે.

### ઇરાન-ઇઝરાયેલ યુદ્ધની નજીકના ભવિષ્યમાં પડનારી આડઅસરો

# ભારતમાં રાંધણગેસ સિલિન્ડરનો પુરવઠો ૧૬ દિવસનો : અછત સર્જાવાની શક્યતા

**ભારતમાં ૩૩ કરોડ ગેસ સિલિન્ડરમાં દર ત્રણમાંથી બેની પશ્ચિમ એશિયામાંથી આયાત કરવામાં આવે છે**

નવી દિલ્હી, તા.૨૪

ભારતીય ઘરોમાં ગેસ માટે ઉપયોગમાં લેવામાં આવતા દર ત્રણ સિલિન્ડરમાંથી બે સિલિન્ડર પશ્ચિમ એશિયાથી આવે છે. હવે ઈરાન-ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ લાંબુ ખેંચાય છે તો આ પુરવઠામાં અવરોધ સર્જાઈ શકે છે. તેના લીધે સૌથી વધુ ઝાટકો રાજકીય રીતે સંવેદનશીલ કહી શકાય તેવા ગેસ સિલિન્ડર ધારકોના ઘરોને જ લાગશે. દેશમાં ૩૩ કરોડ ગેસ સિલિન્ડર જોડાણ છે. આ ૩૩ કરોડ એલપીજી જોડાણની સામે પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) જોડાણની સંખ્યા ૧.૫ કરોડ છે. આ સંખ્યા વધી રહી છે, પણ તેને એલપીજી જોડાણના સ્તરે પહોંચવામાં ખાસ્સો સમય લાગી શકે તેમ છે. કમસેકમ બે દાયકા તેને લાગે તેમ માનવામાં આવે છે. પેટ્રોલિયમ પ્રધાન હરદીપપુરીએ ખાતરી આપી છે કે વિશ્વના ત્રીજા નંબરના તેલ આયાતકાર દેશ અને ચોથા સૌથી મોટા ગેસ ખરીદદાર ભારત આગામી કેટલાય અઠવાડિયાઓ સુધી તેની ઉર્જા જરૂરિયાત પૂરી કરવા સક્ષમ છે. ભારતીય નિષ્ણાતો માને છે કે પશ્ચિમ એશિયામાં યુદ્ધ લંબાય તો સૌથી અસુરક્ષિત પુરવઠો હોય તો તે એલપીજીનો છે.

છેલ્લા દાયકામાં સરકારના પ્રયત્નોના લીધે એલપીજીનો ઉપયોગ બમણો થઈ ૩૩ કરોડ ઘરો સુધી પહોંચી ગયો છે. તેનાથી દેશની આયાત પરની નિર્ભરતા વધી છે. દેશની કુલ એલપીજીમાં ૬૬ ટકા હિસ્સો વિદેશથી આવે છે. તેમા ૯૫ ટકા હિસ્સો સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને કતર જેવા પશ્ચિમી એશિયન દેશોમાંથી આવે છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસના આંકડા મુજબ ભારત પાસે આયાત ટર્મિનલ, રિફાઈનરીઓ અને બોટલિંગ પ્લાન્ટમાં જેટલી એલપીજી જમા કરવાની ક્ષમતા છે તે રાષ્ટ્રીય વપરાશની સરેરાશના ૧૬ દિવસ સુધી ચાલે તેટલી જ છે. એલપીજી અમેરિકા, યુરોપ, મલેશિયા અને આફ્રિકા જેવૈ વૈકલ્પિક સ્તોતો પાસેથી પણ મંગાવી શકાય છે. રેશનિંગમાં કેરોસીનનો સપ્લાય બંધ થઈ ગયા પછી હવે જો ગેસના બાટલાની અછત સર્જાય છે તો વીજળીથી જમવાનું બનાવવું એકમાત્ર વિકલ્પ છે.

જો કે અધિકારીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ઓઈલ માર્કેટ હવે ભૂરાજકીય જોખમોના ઝાટકા સહન કરતાં શીખી ગયું છે. કોઈપણ પ્રકારની ભૂરાજકીય ઘટના બને ત્યારે ટૂંકા સમયગાળા માટે ઓઈલમાં ઉછાળો આવે છે, પછી તે શમી જાય છે. પહેલા આવું રશિયા-યુક્રેન યુદ્ધ વખતે થયું હતું, તેના પછી ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વખતે થયું હતું. હવે ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વખતે આ સ્થિતિ જોવા મળી છે.

### હાઈકોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા હતા

# જામીન પછી નાણાં ભરવામાં ગલ્લાં-તલ્લાં કરનારા આરોપીને રાહત નહીં : સુપ્રીમ

**જીએસટી કૌભાંડના આરોપીએ જામીન પર બહાર આવ્યા પછી રૂપિયા બે કરોડ જમા કરાવવાના બદલે રાહત માંગતા સુપ્રીમ કોર્ટ નારાજ**

નવી દિલ્હી, તા.૨૪

જામીન પર છૂટવા માટે કોર્ટમાં જંગી રકમ જમા કરાવવા સંમત થનારા આરોપીઓ બહાર આવ્યા પછી અલગ જ રંગ બતાવે છે. કોર્ટ સમક્ષ સામે ચાલીને સ્વીકારેલી રકમ જમા કરાવવાના બદલે તેમાં રાહત મેળવવા કાનૂની આંટીઘૂંટીનો ગેરલાભ ઊઠાવતા આરોપીઓ સામે સુપ્રીમ કોર્ટે નારાજગી દર્શાવી હતી. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે, બંધારણની કલમ ૨૧ મુજબ વ્યક્તિને મળેલા અધિકારો બાબતે કોર્ટ સભાન છે, પરંતુ વ્યક્તિએ પણ ન્યાયિક પ્રક્રિયાની પવિત્રતા બાબતે સભાન રહેવું જોઈએ. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ કે વી વિશ્વનાથ અને એન કોટિશ્વર સિંગની બેન્ચે ઠરાવ્યું હતું કે, જામીનમાં વધારે પડતી રાહતથી જામીનનો અર્થ રહેતો નથી અને જામીન મંજૂર થઈ ગયા પછી શરતોનું પાલન કરવામાં અમસર્થતા વ્યક્ત કરવી જોઈએ નહીં. વ્યક્તિની અસમર્થતાનો આધાર કેસની હકીકતો અને સંજોગો પર રહેલો છે. મદ્રાસ હાઈકોર્ટના હુકમને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત અવલોકન નોંધ્યા હતા. કેસની વિગતો મુજબ, વર્ષ સેન્ટ્રલ જીએસટી એક્ટ ૨૦૧૭ અંતર્ગત અરજદાર સામે ૧૩.૭૩ કરોડની કરચોરીનો આરોપ લાગ્યો હતો. આ કેસમાં આરોપીની ૨૭ માર્ચે ધરપકડ થઈ હતી અને તેણે મદ્રાસ હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. હાઈકોર્ટ સમક્ષ સુનાવણી દરમિયાન ૮ મેના રોજ અરજદાર આરોપી તરફથી રજૂઆત થઈ હતી કે, તેણે ૨.૮૬ કરોડ જમા કરાવી દીધા છે અને દરેક આકરી શરતનું પાલન કરવા તૈયાર છે. જામીન પર છૂટ્યા પછી ૧૦ દિવસમાં વધુ ૨.૫૦ કરોડ જમા કરાવવા આરોપી સંમત છે. હાઈકોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા હતા, જેમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ ૫૦ લાખ જમા કરાવવા અને જામીન પર મુક્ત થયાના ૧૦ દિવસમાં ૨૨ કરોડ જમા કરાવવા નિર્દેશ અપાયા હતા. જામીન પર બહાર આવ્યા પછી આરોપીએ ૨ બે કરોડ જમા કરાવવામાં અમસર્થતા વ્યકત કરી હતી અને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.

### પ્રતિબંધો વધુ ૧ મહિના માટે લંબાવવામાં આવ્યા

# પાકિસ્તાન માટે ભારતનું હવાઈ ક્ષેત્ર ૨૪ જુલાઈ સુધી બંધ રહેશે

**ભારત દ્વારા પાકિસ્તાની વિમાનો માટે બંધ કરાયેલ એરસ્પેસ પહેલા ૨૪ મેના રોજ ખોલવાનું હતું, પરંતુ તેને એક મહિના માટે ૨૪ જૂન સુધી લંબાવવામાં આવ્યું હતુ**

નવીદિલ્હી,તા.૨૪

ભારતે સોમવારે એક મોટી જાહેરાત કરી, પાકિસ્તાનને મોટો ઝટકો આપ્યો. ભારતે પાકિસ્તાની એરલાઈન કંપનીઓ દ્વારા સંચાલિત ફ્લાઈટ્સ માટે હવાઈ ક્ષેત્ર બંધ રાખવાનો સમયગાળો ૨૪ જુલાઈ સુધી એક મહિના માટે લંબાવ્યો છે. તમને જણાવી દઈએ કે ૩૦ એપ્રિલથી, ભારતીય હવાઈ ક્ષેત્ર પાકિસ્તાની એરલાઈન કંપનીઓ અને તેમના દ્વારા સંચાલિત, માલિકીની અથવા ભાડે લીધેલી ફ્લાઈટ્સ માટે બંધ છે, જેમાં લશ્કરી ફ્લાઈટ્સનો પણ સમાવેશ થાય છે. ૨૨ એપ્રિલે કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોના મોત બાદ, ભારત સરકારે પાકિસ્તાન સામે ઘણા કડક પ્રતિબંધો લાદ્યા હતા અને હવાઈ ક્ષેત્ર બંધ કરવું પણ તે નિર્ણયોમાંનો એક હતો.ભારત દ્વારા પાકિસ્તાની વિમાનો માટે બંધ કરાયેલ એરસ્પેસ પહેલા ૨૪ મેના રોજ ખોલવાનું હતું, પરંતુ તેને એક મહિના માટે ૨૪ જૂન સુધી લંબાવવામાં આવ્યું હતું. સોમવારે એક નવી નોટમ (એરમેનને સૂચના) જારી કરવામાં આવી હતી, જેમાં આ પ્રતિબંધ ૨૪ જુલાઈ, ૨૦૨૫ સુધી વધુ એક મહિના માટે લંબાવવામાં આવ્યો છે. નોટમ મુજબ, પાકિસ્તાનમાં નોંધાયેલા વિમાનો, પાકિસ્તાની એરલાઈન કંપનીઓ અને ઓપરેટરો દ્વારા સંચાલિત વિમાનો, પાકિસ્તાની કંપનીઓની માલિકીના અથવા ભાડે લીધેલા વિમાનો, લશ્કરી વિમાનો માટે ભારતીય એરસ્પેસ ઉપલબ્ધ રહેશે નહીં.ભારતના આ નિર્ણયથી ગુસ્સે થયેલા પાકિસ્તાને ભારતીય વિમાનો માટે તેના એરસ્પેસ બંધ કરવાની મુદત પણ એક મહિના માટે લંબાવી દીધી છે. પાકિસ્તાને હવે ભારતીય વિમાનો માટે તેના એરસ્પેસનો ઉપયોગ કરવા પરનો પ્રતિબંધ ૨૪ જુલાઈ સુધી લંબાવી દીધો છે. પહેલગામમાં આતંકવાદી હુમલા બાદ, ભારત સરકારે પાકિસ્તાન સાથેની સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી હતી. ત્યારબાદ પાકિસ્તાને ૨૪ એપ્રિલના રોજ ૨૪ મે સુધી ભારત માટે તેના એરસ્પેસ પર પ્રતિબંધ મૂક્યો હતો. જોકે, ભારતના નિર્ણયોને ધ્યાનમાં રાખીને, પાકિસ્તાન પણ આ પ્રતિબંધને ૧-૧ મહિના માટે લંબાવી રહ્યું છે.

# રાજકોટમાં ક્રિકેટ રમી પરત ફરેલા બેંક કર્મચારીનું હાર્ટ એટેકથી નિધન

રાજકોટ, તા.૨૪

હૃદયરોગના હુમલાથી મૃત્યુ થવાનો સિલસિલો યથાવત રહ્યો છે. રાજકોટ શહેરના જામનગર રોડ પર પરસાણાનગરમાં રહેતા ૪૫ વર્ષીય બેંક કર્મચારી વિજયભાઈ બાબુભાઈ નારોલાનું રાત્રે ક્રિકેટ રમીને આવ્યા બાદ ઊંઘમાં જ નિધન થયું હતું. તેઓ સવારે જાગ્યા ન હતા. આ ઉપરાંત, બીજા એક બનાવમાં ચોટીલાના ૨૦ વર્ષીય યુવાન રોહિતભાઈ અતુલભાઈ પરમારનું પણ હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થયું હતું.

જામનગર રોડ, પરસાણાનગર-૧૭ માં રહેતા વિજયભાઈ બાબુભાઈ નારોલા (ઉંમર ૪૫) રવિવારે વહેલી સવારે ઘરે બેભાન થઈ જતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, તબીબે તેમને મૃત જાહેર કરતા પરિવારમાં શોક છવાઈ ગયો હતો. બેંકમાં નોકરી કરતા હતા. રાત્રે ક્રિકેટ રમીને આવ્યા હતા.બીજી ઘટનામાં, ચોટીલામાં ખીમોઈ હોટલ પાસે યોગીનગરમાં રહેતા ૨૦ વર્ષીય રોહિતભાઈ અતુલભાઈ પરમારને ઘરે શ્વાસ લેવામાં તકલીફ થવા માંડતા તેમને રાજકોટ સારવાર માટે ખસેડાયા હતા, પરંતુ ત્યાં તેમનું મૃત્યુ થયું. તેમને પણ હૃદયરોગનો હુમલો આવ્યાનું જણાવાયું હતું. ચોટીલા પોલીસે આ અંગે જરૂરી કાર્યવાહી કરી હતી.

### મોટાભાગના લોકો મુક્ત વેપાર કરાર પર ભાર મૂકી રહ્યા છે

# અમેરિકા-યુરોપ સાથે ડીલ થશે તો ભારતના ૧૭૨ લાખ કરોડના નિકાસનું લક્ષ્ય પૂરું થશેઃ સીતારમણ

**અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે વાતચીત થઈ રહી છે જેને ટૂંકસમયમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે જેનો લાભ ભારત, યુરોપ, અને અમેરિકાને મળશે**

નવીદિલ્હી,તા.૨૪

નાણામંત્રી નિર્મલા સીતારમણે અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ) પર થઈ રહેલી ચર્ચાઓ સકારાત્મક રૂપે આગળ વધી રહી હોવાનું જણાવ્યું છે. તેમજ ટૂંકસમયમાં તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે તેમ પણ જણાવ્યું છે. જો અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે આ ડીલ થઈ તો ભારતને ૨૦૩૦ સુધી ૨ લાખ કરોડ ડોલર અર્થાત રૂ. ૧૭૨ લાખ કરોડનો નિકાસ લક્ષ્યાંક હાંસલ કરવામાં મદદ મળશે. આ ડીલ માટે ભારત તરફથી તમામ સંભવિત પ્રયાસ થઈ રહ્યા હોવાનું નાણામંત્રીએ જણાવ્યું છે.

નાણામંત્રીએ જણાવ્યું હતું કે, ભારતે પહેલાંથી જ યુએઈ, ઓસ્ટ્રેલિયા સહિત ચાર દેશો સાથે EFTA (યુરોપિયન ફ્રી ટ્રેડ યુનિયન) બ્લૉક સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યો છે. બ્રિટન સાથે આ મુદ્દે ચર્ચાઓ પૂરી થઈ છે. અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે વાતચીત થઈ રહી છે. જેને ટૂંકસમયમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. જેનો લાભ ભારત, યુરોપ, અને અમેરિકાને મળશે.નાણામંત્રીએ EXIM બેન્ક દ્વારા આયોજિત એક સંમેલનમાં આ અંગે જણાવ્યું હતું કે, હવે મોટાભાગના લોકો મુક્ત વેપાર કરાર પર ભાર મૂકી રહ્યા છે. ૨૦૨૪-૨૫માં ગુડ્સ એન્ડ સર્વિસિઝની કુલ નિકાસ ૮૨૫ અબજ ડોલરના રેકોર્ડ સ્તરે પહોંચી હતી. જે ૨૦૨૩-૨૪ની તુલનાએ ૬ ટકા વધુ છે. ભારત વિવિધ દેશો સાથે મુક્ત વેપાર કરાર કરવા ચર્ચાઓ કરી રહ્યું છે. યુએઈ, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, મોરિશિયસ, સાઉથ કોરિયા, જાપાન સહિતના દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ધરાવે છે.વૈશ્વિક નિકાસમાં માત્ર ૪ ટકા ગ્રોથ જોવા મળ્યો છે. જ્યારે વૈશ્વિક પડકારો વચ્ચે ભારતની નિકાસ ૬.૩ ટકાના દરે વધી છે. નાણા મંત્રીએ નિકાસકારોને સંભવિત તમામ મદદ કરવાનું વચન આપતાં ઈનોવેશન પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું છે. તેમજ પ્રોડક્ટ્સ માટે નવા બજારની તકો શોધવા પણ કહ્યું છે. નાણા સચિવ એમ. નાગરાજુએ જણાવ્યું હતું કે, વૈશ્વિક અર્થવ્યવસ્થા જિઓ-પોલિટિકલ પડકારોનો સામનો કરી રહ્યું હોવા છતાં ભારતમાં આર્થિક ગ્રોથની સંભાવનાઓ જોવા મળી છે. વિશ્વમાં ભારત પ્રત્યે આશાનું કિરણ જોવા મળ્યું છે. વિવિધ રેટિંગ એજન્સીઓએ ભારતનો ચાલુ નાણાકીય વર્ષ માટેનો જીડીપી ગ્રોથ અંદાજ વધાર્યો છે.

મેડિકલ, ડાયમંડ અને જ્વેલરી સેક્ટરમાં નિકાસ સતત વધી રહી છે. જેમાં નાણા મંત્રાલય નીતિ, યોજનાઓ અને નાણાકીય સહાયતાના માધ્યમથી સમર્થન આપવા પ્રતિબદ્ધ હોવાનું જણાવતાં નિર્મલા સીતારમણે આગળ કહ્યું કે, અમારી નાણાકીય પ્રણાલીઓ પર્યાપ્ત મૂડી અને ઓછી એનપીએ સાથે મજબૂત બની રહી છે. જેનાથી ભારતની નાણાકીય જરૂરિયાતોને મજબૂત સમર્થન મળ્યું છે.

### રેલવેએ રિઝર્વેશનના નિયમોમાં પણ કર્યા છે ફેરફાર

# ટ્રેનની ટિકિટના ભાવમાં વધારો, પહેલી જુલાઈથી થશે લાગુ

**ભારતીય રેલવેએ ૧ જુલાઈથી એસી અને એક્સપ્રેસ ટ્રેનના ભાડામાં વધારો કરવાની જાહેરાત કરી**

મુંબઈ,તા.૨૪

મુસાફરોને આંચકો આપતાં ભારતીય રેલવેએ ૧ જુલાઈ, ૨૦૨૫થી એસી અને એક્સપ્રેસ ટ્રેનના ભાડામાં વધારો કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણય વધતાં ખર્ચ, ઈંધણના ભાવ અને જાળવણી ખર્ચને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. તેમજ રાહતના સમાચાર એ છે કે આ ભાવ વધારો અમુક કેટેગરીમાં જ કરવામાં આવ્યો છે.

રેલવેના નવા ટેરિફ મુજબ, જનરલ સેકન્ડ ક્લાસમાં ૫૦૦ કિમી સુધીની મુસાફરી માટે ભાડામાં કોઈ વધારો થશે નહીં. પરંતુ જો મુસાફરી ૫૦૦ કિમીથી વધુ હોય, તો પ્રતિ કિલોમીટર અડધા પૈસાનો ભાવ વધારાનો ચૂકવવાનો રહેશે.

આ ઉપરાંત, મેઈલ/એક્સપ્રેસ ટ્રેન(નોન-એસી)માં મુસાફરી કરનારાઓએ હવે પ્રતિ કિલોમીટર ૧ પૈસો વધુ ચૂકવવા પડશે. તેમજ એસી ક્લાસ ટિકિટમાં પ્રતિ કિલોમીટર ૨ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. શહેરી ટ્રેનના ભાડામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, જેનાથી લાખો દૈનિક મુસાફરોને રાહત મળશે. તેમજ પાસના રેટમાં પણ કોઈ વધારો કરવામાં આવ્યો નથી. અગાઉ રેલવેએ રિઝર્વેશનના નિયમોમાં પણ ફેરફાર કર્યો છે, જેમાં અગાઉ નિયમ હતો કે જો તમે ટ્રેન ટિકિટ અગાઉ બુક કરાવો છો, તો તમને તમારી મુસાફરીના ચાર કલાક પહેલા જ ખબર પડી જતી હતી કે ટિકિટ કન્ફર્મ છે કે નહીં. પરંતુ હવે રેલવે આ નિયમમાં ફેરફાર કર્યો છે,

જેના કારણે હવે કન્ફર્મ સીટ સાથેનો ચાર્ટ મુસાફરીના ૨૪ કલાક પહેલા જ જાહેર કરવામાં આવશે. ટિકિટ બુકિંગની આ નવી સિસ્ટમની ટ્રાયલ ૬ જૂનથી રાજસ્થાનના બિકાનેર ડિવિઝનમાં પાયલટ પ્રોજેક્ટ હેઠળ શરુ કરવામાં આવી છે. હાલમાં તે એક ટ્રેન સુધી જ મર્યાદિત છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે અત્યાર સુધી તેમાં કોઈ સમસ્યા આવી નથી.

### રાહુલે મહારાષ્ટ્રની ચૂંટણીમાં આક્ષેપ કર્યા હતા

# અમે ચર્ચા માટે તૈયાર, તારીખ અને સમય ઈમેલ કરોઃ રાહુલ ગાંધી

**ચૂંટણી પંચ તમારી સાથે વ્યક્તિગત મુલાકાત કરવા અને તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે તૈયાર છે**

નવીદિલ્હી,તા.૨૪

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી-૨૦૨૪ પર ચર્ચા કરવાની માંગ કરનારા લોકસભા વિક્ષના નેતા રાહુલ ગાંધીને ચૂંટણી પંચે જવાબ આપ્યો છે. પંચે રાહુલને કહ્યું છે કે, અમે ચૂંટણી અંગે ચર્ચા કરવા માટે તૈયારી છીએ. તમે તારીખ અને સમય ઈમેલ કરો. ચૂંટણી પંચ તમારી સાથે વ્યક્તિગત મુલાકાત કરવા અને તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે તૈયાર છે.

ભારતીય ચૂંટણી પંચ સચિવાલયે રાહુલ ગાંધીને કહ્યું છે કે, 'ગત વર્ષે મહારાષ્ટ્રમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી અંગેનો તમારો લેખ સમાચાર પત્રોમાં છપાયો હતો, તેને ધ્યાને લઈને મને એવું કહેવાનો નિર્દેશ અપાયો છે કે, કોંગ્રેસે નવેમ્બર-૨૦૨૪ વિધાનસભા ચૂંટણીમાં પણ આવો જ મુદ્દો ઉઠાવ્યો હતો, જેનો ચૂંટણી પંચે ૨૪ ડિસેમ્બર-૨૦૨૪માં વિગતવાર જવાબ આપ્યો હતો. આ જવાબ ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.'

ચૂંટણી પંચે વધુમાં કહ્યું છે કે, 'ભારતીય ચૂંટણી પંચ દ્વારા પસાર કરાયેલ ચૂંટણી કાયદાઓ, તેમાં બનાવાયેલા નિયમો અને પંચ દ્વારા સમયસર જાહેર કરાયેલા નિર્દેશો મુજબ તમામ ચૂંટણીઓનું કડકાઈથી પાલન કરવામાં આવે છે. જેમ કે તમે (રાહુલ ગાંધી) જાણો છો કે, વિધાનસભા મતવિસ્તારમાં યોજાતી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા વિકેન્દ્રિત રીતે હાથ ધરવામાં આવે છે, જેમાં ચૂંટણી પંચ દ્વારા મહારાષ્ટ્રમાં ૧,૦૦,૧૮૬થી વધુ બૂથ લેવલ અધિકારી (BLO), ૨૮૮ ચૂંટણી નોંધણી અધિકારીઓ (ERO), ૨૮૮ રિટર્નિંગ અધિકારીઓ, ૧૩૯ સામાન્ય નિરીક્ષકો, ૭૧ ખર્ચ નિરીક્ષકો, ૪૧ પોલીસ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી અને રાષ્ટ્રીય તેમજ રાજ્ય રાજકીય પક્ષ દ્વારા નિમણૂક કરાયેલા ૧,૦૮,૦૨૬ બૂથ લેવલ એજન્ટોમાંથી કોંગ્રેસના ૨૮,૪૨૧ એજન્ટ સામેલ હતા, તેઓએ ચૂંટણીમાં ભાગ લીધો હતો.

પંચે કહ્યું કે, 'અમે માનીએ છીએ કે, કોંગ્રેસના ઉમેદવારો દ્વારા ચૂંટણી સંચાલન સંબંધિત મુદ્દો કોર્ટમાં અરજીઓ કરી પહેલેથી જ ઉઠાવાયો હશે. તેમ છતાં જો તમારી પાસે કોઈ મુદ્દો છે, તો તમે અમને લખી શકો છો. ચૂંટણી પંચ તમારી સાથે વ્યક્તિગત મુલાકાત કરવા અને તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે તૈયાર છે. આ માટે તમે તમારી સુવિધા મુજબની તારીખ અને સમય ચૂંટણી પંચને ઈ-મેલ કરી સૂચના આપી શકો છો.'

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ધાંધલી થઈ હોવાના આરોપો લગાવ્યા છે. તેમણે ચૂંટણી પંચ પાસેથી જવાબ માગ્યો હતો. જોકે ચૂંટણી પંચના સૂત્રોએ ૮ જૂને કહ્યું છે કે રાહુલ પંચને પત્ર લખશે તો જ જવાબ આપવામાં આવશે. ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીએ જે આરોપો લગાવ્યા તેના ૨૪ કલાક બાદ પણ ચૂંટણી પંચને કોઈ પત્ર નથી લખ્યો કે મુલાકાત માટે સમય નથી માગ્યો. કોઈ પણ બંધારણીય સંસ્થા, ચૂંટણી પંચ પણ જ્યારે કોઈ લેખિત રજૂઆત કરે ત્યારે જ જવાબ આપવામાં આવે છે. માટે રાહુલ ગાંધી હવે પોતાના આરોપોને લઈને લેખિતમાં રજૂઆત કરશે ત્યારે જ તેમને જવાબ આપવામાં આવશે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શનિવારે (૭ જૂન) સમાચારપત્રોમાં લેખ લખીને આરોપ લગાવ્યો હતો કે, ગયા વર્ષે મહારાષ્ટ્રમાં વિધાનસભાની જે ચૂંટણી યોજાઈ હતી તે લોકશાહીમાં ફ્રોડની બ્લૂપ્રિન્ટ હતી, હવે આ મેચ ફિક્સિંગનું બિહારમાં પણ પુનરાવર્તન થશે.

રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કેન્દ્રના સાંજના સીસીટીવી ફૂટેજ માગ્યા હતા. ત્યારબાદ રાહુલ ગાંધીના આ આરોપો વચ્ચે ચૂંટણી પંચના સૂત્રોએ કહ્યું છે કે રાહુલ ગાંધી દ્વારા લેખિતમાં કોઈ જ રજૂઆત નથી થઈ, જ્યારે તેઓ લેખિતમાં રજૂઆત કરશે ત્યારે જવાબ અપાશે.

### ૨૨૯૫ ભારતીય નાગરીકોને ઇરાનથી ભારત લાવવામાં આવ્યા

# ઇરાનથી હેમખેમ પરત થયા ભારતીયો, થયા ભાવુક

**ભારત પરત ફરેલા લોકોએ સરકારનો આભાર માન્યો હતો દેશમાં પરત ફરેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો**

નવી દિલ્હી,તા.૨૪

ઓપરેશન સિંધુને લઈને ભારત સરકાર અત્યાર સુધીમાં ઈરાનથી ૨૯૨ ભારતીય નાગરીકોને આજ સવારે ૩:૩૦ વાગ્યે મશહદથી નવી દિલ્હી પરત પહોંચ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે ટ્વીટ કરીને આ માહિતી આપી છે અને કહ્યુ છે કે ૨૨૯૫ ભારતીય નાગરીકોને ઈરાનથી ભારત લાવવામાં આવ્યા છે. ભારત પરત ફરેલા લોકોએ સરકારનો આભાર માન્યો હતો. વિદેશથી દેશમાં ભારત પરત ફરેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

ઈરાનખથી નાગપુરની જીવા ઝાફરીએ જણાવ્યુ હતુ કે હુ ખુબજ આભારી છુ, બહુ જ ખુશ છુ મને ભારત આવીને ખુબ સારૂ લાગી રહ્યુ થે. અમારી ફ્લાઈટ ૧૯ જૂનના ફિક્સ હતી પણ રદ થઈ હતી અમે લોકો ખુબ મુસ્કેલીમાં હતા, જો કે હવે ભારત આવીને રાહત મળી છે.

દરમિયાન, ઈરાનથી સ્થળાંતર કરાયેલા જમ્મુ અને કાશ્મીરના ફૈઝે કહ્યું કે ભારતમાં પાછા આવીને ખૂબ સારું લાગે છે અને અમને ખુશી છે કે અમે હવે ઘરે પાછા ફરી રહ્યા છીએ. ઈરાનથી સ્થળાંતર કરાયેલા પંજાબના બલજિંદર કૌરે કહ્યું કે ખૂબ સારું લાગે છે. આપણો દેશ અમારો છે, પરંતુ અમને ત્યાં (ઈરાનમાં) ક્યારેય કોઈ સમસ્યા થઈ નથી. છેલ્લા કેટલાક દિવસોમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. નહીં તો આપણે ત્યાં પણ સુરક્ષિત છીએ. હું ૨૧ વર્ષથી ત્યાં રહું છું અને હિન્દી શિક્ષક તરીકે કામ કરું છું. એ ગર્વની વાત છે કે જ્યારે પણ દેશ કે તેના નાગરિકો મુશ્કેલીમાં હોય છે, ત્યારે સરકાર તેમની સાથે ઉભી રહે છે. એટલા માટે અમે તેમના આભારી છીએ. અમે રાજદૂત અને દૂતાવાસના સ્ટાફના આભારી છીએ જેમણે અમને અહીં સુરક્ષિત રીતે લાવ્યા છે.

જમ્મુ અને કાશ્મીરના સરમદ ફૈઝાને કહ્યું કે હું લગભગ ૧૦ મહિનાથી ઈરાનમાં હતો. અમારી પરીક્ષાઓ ચાલી રહી હતી, પરંતુ આ બધું થયું. મારે જુલાઈમાં ઘરે પાછા ફરવાનું હતું અને મેં મારી ટિકિટ બુક કરાવી હતી. પરંતુ ફ્લાઈટ્સ રદ થઈ ગઈ. હું કરમાનમાં હતો, જ્યાં પરિસ્થિતિ સ્થિર છે.

એકંદરે, ઈરાનમાં પરિસ્થિતિ એવી છે કે કંઈ કહી શકાય નહીં. ઓપરેશન સિંધુ વિશે, સરમદ ફૈઝાને કહ્યું કે રહેવાથી લઈને બીજી બધી બાબતો ખરેખર સારી હતી. અમને કોઈ પણ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડ્યો નહીં. અમે આરામથી ભારત આવ્યા.

### રાધિકા આપ્ટેએ ભારતીય દર્શકો પર આંતરરાષ્ટ્રિય સિદ્ધીની અસર વિશે વાત કરી

# આંતરરાષ્ટ્રિય સ્તરે ફિલ્મ ગમે તેટલી વખણાય, સામાન્ય દર્શકને કોઈ ફરક પડતો નથી

**આંતરરાષ્ટ્રિય સ્તરે ઘણી સરાહના મેળવ્યા પછી અંતે રાધિકા આપ્ટેની ફિલ્મ 'સિસ્ટર મિડનાઇટ' ગયા મહિને ભારતમાં રિલીઝ થઈ છે**

મુંબઈ, તા.૨૪

આંતરરાષ્ટ્રિય સ્તરે ઘણી સરાહના મેળવ્યા પછી અંતે રાધિકા આપ્ટેની ફિલ્મ 'સિસ્ટર મિડનાઈટ' ગયા મહિને ભારતમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મને બાફટા એવોર્ડ મળ્યો હતો અને કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ તેનું સ્ક્રીનિંગ થયું હતું. ભારતમાં બહુ મર્યાદિત સ્ક્રીનમાં આ ફિલ્મ દર્શાવાઈ હતી, જોકે, તેને વખાણવામાં આવી છે, પરંતુ બોક્સ ઓફિસ પર આ ફિલ્મ ખાસ કોઈ કમાલ કરી શકી નહીં.આંતરરાષ્ટ્રિય સિદ્ધિઓની ફિલ્મના ઓડિયન્સ પર થતી અસર અંગે રાધિકાએ કહ્યું, "સામાન્ય લોકો, મને નથી લાગતું કે તેમને કેન્સ કે બાફટાથી કોઈ ફરક પડે છે. એ સાચું પણ છે. તેમને જેનાથી ફરક નથી પડતો એવી કોઈ બાબત વિશે વિચારવાની જરૂર પણ નથી. મને નથી લાગતું કે લોકો ફિલ્મને આવી કોઈ દૃષ્ટિથી જુએ છે." પરંતુ રાધિકા આગળ કહે છે, "ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો કે કેટલાંક લોકો જેઓ વિશ્વની વિવિધ ફિલ્મ જુએ છે તે કે આંતરરાષ્ટ્રિય ફિલ્મોમાં રસ ધરાવકા લોકોને ચોક્કસ ફરક પડશે. પરંતુ પ્રાદેશિક કે હિન્દી ભાષાની ફિલ્મ જોતા લોકો ખાસ જાણતા ન હોય એમને કોઈ ફરક નથી પડતો."માતા બન્યા પછી આ રાધિકાની પહેલી ફિલ્મ છે, તો માતા બન્યા પહેલાં અને પછી કામ કરવામાં શું ફરક પડે છે, તે અંગે રાધિકા કહે છે, "પહેલાં મારી પાસે બહુ સમય રહેતો અને મને કોઈ પણ કામ મળે તો હું ગમે ત્યારે તેના માટે સમય આપી શકતી હતી. પરંતુ પછીની સફર થોડી અઘરી રહી છે, કારણ કે હું દરેક સમયે હાજર રહી શકતી નથી. હું ન્યૂયોર્કમાં, કેન્સ ફેસ્ટિવલમાં પણ હાજર રહી શકી નહીં અને લોસ એન્જલ્સના પ્રમોશનમાં પણ હાજર રહી શકી નહીં, કારણ કે મારે નાનું બાળક છે અને હું દરેક વખતે મુસાફરી કરવા માગતી નથી. બસ એટલો જ ફરક પડ્યો છે. બાકી તો, બીજો કોઈ ફરક પડ્યો નથી."રાધિકા તેણે આ ફિલ્મમાં કરેલા કામથી ખુશ છે અને તેને આ ફિલ્મ પર ગર્વ છે, "આ એક નાના શહેરની છોકરીની વાત છે, જેને લાગે છે કે તે મોટા શહેરો માટે જ બની છે. આ રોલ માટે તેણે પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને કામ કરવું પડ્યું છે. સામાન્ય રીતે હું કોઈ પાત્ર કરવા માટે બૌદ્ધિક રીતે વિચાર કરું છું. પરંતુ અહીં સમગ્ર પ્રક્રિયા અમારે કોઈ બુધ્ધિમતા વિના જ કરવી પડે તેમ હતું. અહીં વિચારના બદલે અનુભવથી કામ લેવાનું હતું અને એ રીતે કામ કરવામાં ઘણી મજા આવી."

### ગૃહમંત્રીનું અભી બોલા અભી ફોક

# કોંગ્રેસ નેતાનો યુટર્નઃ પહેલા કહ્યું કર્ણાટક પાસે ફંડ નથી, હવે બોલ્યા- કોણે કહ્યું?

**રાજ્ય સરકાર આર્થિક તંગીનો સામનો કરી રહી છે, અને બાદમાં આજે અન્ય એક કાર્યક્રમમાં પલટી મારતાં નિવેદન આપ્યું**

કર્ણાટક,તા.૨૪

કર્ણાટક રાજ્યના ગૃહમંત્રી અને કોંગ્રેસ નેતા જી પરમેશ્વરે 'અભી બોલા અભી ફોક' ની જેમ પોતે જ ગઈકાલે આપેલા નિવેદન પરથી પલટી મારી છે. એક જાહેર કાર્યક્રમમાં તેમણે ગઈકાલે સોમવારે કહ્યું હતું કે, રાજ્ય સરકાર આર્થિક તંગીનો સામનો કરી રહી છે, અને બાદમાં આજે અન્ય એક કાર્યક્રમમાં પલટી મારતાં નિવેદન આપ્યું કે, કોણે કહ્યું સરકાર પાસે પૈસા નથી. હું એવુ બોલ્યો જ નથી. હું સ્પષ્ટતા આપું છું.

પરમેશ્વરે પલટી મારતાં કહ્યું કે, મેં ક્યારેય દાવો કર્યો નથી કે રાજ્યમાં ફંડની અછત છે. સરકાર પાસે આયોજિત તમામ કામગીરી માટે પર્યાપ્ત ફંડ છે. મારી સ્પીચમાં પણ મેં કહ્યું હતું કે, રાજ્ય સરકાર કોઈપણ પ્રકારની આર્થિક તંગીનો સામનો કરી રહ્યું નથી. પ્રત્યેક મતવિસ્તાર માટે રૂ. ૫૦ કરોડનો એક્શન પ્લાન તૈયાર થઈ રહ્યો છે. સ્પષ્ટતા આપું છુ કે, કોઈ નાણાકીય કટોકટી નથી, હા ક્યારેક ફંડ રિલીઝ કરવામાં વિલંબ થઈ શકે છે.

કર્ણાટકના ગૃહમંત્રી જી પરમેશ્વરે ગઈકાલે બાગલકોટ બાડમીમાં આયોજિત જાહેર કાર્યક્રમમાં જાહેરમાં સ્વીકાર્યું હતું કે, મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર પાસે મોટાપાયે વિકાસ કાર્યો કરવા પર્યાપ્ત ફંડ નથી. સિદ્ધારમૈયા પોતે જ રાજ્યનો ફાઈનાન્સ પોર્ટફોલિયો સંભાળે છે. અમારી પાસે પૈસા નથી. સિદ્ધારમૈયા પાસે પણ હાલ ફંડ નથી. અમે લોકોને ચોખા, દાળ, અને તેલ સહિત અનાજનો જથ્થો પૂરો પાડવા ઘણુ બધુ આપ્યું છે. જો કે, ગૃહમંત્રીએ આજે આ નિવેદન પરથી પલટી મારી છે. પરમેશ્વરે પલટી મારતી વખતે સ્પષ્ટતા આપી કે, રાજ્યના તમામ મતવિસ્તાર માટે અમે રૂ. ૫૦ કરોડનો એક્શન પ્લાન ધરાવીએ છીએ? જેનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થઈ રહ્યો છે. જેના અંદાજો ધ્યાનમાં લેવાઈ ગયા છે. હા અંતિમ નિર્ણય લેવામાં વિલંબ થઈ શકે છે. ઘણા ધારાસભ્યો આ વિલંબથી નિરાશ થશે, ફંડમાં વિલંબ કોઈ ટેક્નિકલ પગલાંના કારણે થયો હતો. પરંતુ આ વિલંબના કારણે નિરાશ બનેલા ધારાસભ્ય આવી અણઘડ ટિપ્પણીઓ કરે છે.

### જનજીવન અસ્તવ્યસ્ત

# બારડોલીમાં મેઘરાજા મહેરબાન, ૪ કલાકમાં ૫ ઇંચ, ઘરોમાં પાણી ઘૂસ્યા

**રસ્તા પર ઠેર-ઠેર પાણી ફરી વળ્યા છે વહેલી સવારથી શરૂ થયેલા વરસાદના લીધે સ્કૂલો અને ઓફિસ જવા નીકળેલા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા**

બારડોલી,તા.૨૪

રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર છે, ત્યારે આજે વહેલી સવારે ૬:૦૦ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં સુરતના બારડોલીમાં વરસાદ આફત બની તૂટી પડ્યો હતો. માત્ર ૪ કલાકમાં ૪.૮ ઈંચ વરસાદ વરસતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. રસ્તા પર ઠેર-ઠેર પાણી ફરી વળ્યા છે. વહેલી સવારથી શરૂ થયેલા વરસાદના લીધે સ્કૂલો અને ઓફિસ જવા નીકળેલા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. નીચાણવાળા રહેણાક વિસ્તારોના ઘરોમાં પાણી ઘૂસી જતાં પાણી ઉલેચતાં નજરે પડ્યા હતા. ધોધમાર વરસાદના પગલે બારડોલીના જાહેર માર્ગો પર નદીના પૂર જેવા દશ્યો જોવા મળ્યા હતા.

જો અન્ય તાલુકાની વાત કરવામાં આવે તો તાપીના વ્યારામાં ૩.૯૮ ઈંચ, વાપીમાં ૩.૯૪ ઈંચ, તાપીના સોનગઢમાં ૩.૫૪ ઈંચ, ઉમરાપાડામાં ૩.૦૩ ઈંચ, ભરૂચના નેત્રંગમાં ૨.૯૯ ઈંચ, નર્મદાના દેડિયાપાડા ૨.૯૧ ઈંચ, સુરતના મહુવામાં ૨.૯૧ ઈંચ, નર્મદાના નાંદોદમાં ૨.૭૬ ઈંચ, સુરતના માંડવીમાં ૨.૪૮ ઈંચ, સુરત શહેરમાં ૨.૨ ઈંચ અને સુરતના કામરેજમાં ૨.૧ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે ૧૦ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

છેલ્લાં ૨૪ કલાક દરમિયાન સુરત શહેરમાં રાજ્યનો સૌથી વધુ ૧૩ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, સમગ્ર સુરત જિલ્લામાં રાજ્યનો સૌથી વધુ સરેરાશ ૬ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જેમાં સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં ૧૧ ઈંચ અને પલસાણા તાલુકામાં ૮ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત ગત ૨૪ કલાકમાં સુરતના બારડોલી અને નર્મદાના તિલકવાડા તાલુકામાં ૬ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત તાપીના ડોલવણ, આણંદના બોરસદ અને સુરતના ઓલપાડ તાલુકામાં ૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. તદુપરાંત સુરતના ચોર્યાસી તાલુકામાં ૪ ઈંચથી વધુ તેમજ તાપીના વ્યારા, સુરતના માંડવી અને માંગરોળ, આણંદના ખંભાત, પંચમહાલના હાલોલ તાલુકા ઉપરાંત નવસારી તથા ભરૂચ તાલુકામાં ૩-૩ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત રાજ્યના ૧૮ તાલુકામાં બે ઈંચથી વધુ, ૪૦ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૯૬ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. આમ, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં ૩૧ જિલ્લાના કુલ ૧૭૦ તાલુકામાં વરસાદ વરસ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજે ૨૪ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૨૧ ટકાથી વધુ નોંધાયો છે.

### દરિયો બતાવી રહ્યો છે રૌદ્ર સ્વરૂપ

# મુંબઈમાં ૫ દિવસ ભયંકર વરસાદ અને હાઈ ટાઈડની ચેતવણી

**૨૫ થી ૩૦ જૂન સુધી મુંબઈમાં હવામાન ખરાબ રહેશે. ભારે વરસાદની શક્યતા છે ૨૪ જૂનથી ૨૮ જૂન સુધી હાઈ ટાઈડની શક્યતા છે**

મુંબઈ,તા.૨૪

ભારતીય હવામાન વિભાગે ૨૪ જૂનથી ૨૮ જૂન સુધી મુંબઈ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. ૨૪ જૂનથી ૨૮ જૂન, ૨૦૨૫ સુધી સતત ૫ દિવસ માટે દરિયામાં હાઈ ટાઈડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હાઈ ટાઈડ એટલે કે ભરતી દરમિયાન દરિયામાં સાડા ચાર મીટરથી વધુ ઊંચા મોજા ઉછળી શકે છે.

IMD અનુસાર, ૨૫ થી ૩૦ જૂન સુધી મુંબઈમાં હવામાન ખરાબ રહેશે. ભારે વરસાદની શક્યતા છે. ૨૪ જૂનથી ૨૮ જૂન સુધી હાઈ ટાઈડની શક્યતા છે. આજે સવારે ૧૧:૧૫ વાગ્યે અરબી સમુદ્રમાં ૪.૫૯ મીટર ઊંચા મોજા ઉછળ્યા હતા. હવામાન વિભાગે જૂનથી સપ્ટેમ્બર સુધીના ૪ મહિનામાં ૧૯ દિવસ સુધી હાઈ ટાઈડનું એલર્ટ જાહેર કર્યું છે.

તેમજ મુંબઈમાં દરિયો તેના રૌદ્ર સ્વરૂપમાં હોવાથી, બીએમસીએ પ્રવાસીઓને દરિયાથી દૂર રહેવાની સલાહ આપી છે. મુંબઈ પોલીસે મુંબઈના જૂહુ સહિત અન્ય બીચ પર તકેદારી વધારી દીધી છે. બીએમસીએ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ પણ બનાવવામાં આવ્યો છે.

હવામાન વિભાગના અહેવાલ મુજબ, આગામી ૨ દિવસમાં દક્ષિણપશ્ચિમ ચોમાસું આગળ વધશે. ઉત્તર અરબી સમુદ્રના કેટલાક ભાગો, રાજસ્થાન, પંજાબના કેટલાક ભાગો, હરિયાણા-ચંદીગઢ અને દિલ્હીના કેટલાક વિસ્તારો, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશ અને જમ્મુના કેટલાક વિસ્તારોમાં ચોમાસુ આગળ વધશે. તેમજ ૨૫ જૂનથી ઉત્તરપશ્ચિમ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. આગામી ૭ દિવસમાં મધ્ય, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

### સીઝફાયર પર મંજૂરીના અઢી કલાકમાં જ ઈરાને હુમલો કર્યો

# ટ્રમ્પની ચેતવણી છતાં ઇઝરાયલનો ઈરાન પર ફરી મોટો હુમલો

**હજુ સુધી હુમલામાં નુકસાન અને જાનહાનિના કોઈ અહેવાલ મળ્યા નથી આ હુમલા બાદ મધ્ય-પૂર્વમાં ફરી તણાવ વધ્યો**

તેહરાન,તા.૨૪

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયર પર મંજૂરીના અઢી કલાકમાં જ ઈરાને હુમલો કર્યો હતો. આ હુમલાનો વળતો જવાબ આપતાં ઈઝરાયલે પણ તેહરાનમાં એક-પછી એક બે હુમલા કરી દીધા છે.

ટ્રમ્પે ઈઝરાયલને હુમલો કરવાની ના પાડી હોવા છતાં ઈઝરાયલે તેહરાન નજીક સ્થિત ઈરાની રડાર મથક પર એરસ્ટ્રાઈક કરી હોવાના અહેવાલો મળ્યા છે. સ્થાનિક મીડિયા અનુસાર, તેહરાનથી લગભગ ૨૦૦ કિમી કેસ્પિયન સમુદ્રના કિનારે સ્થિત બાબોલ અને બાબોલસર શહેરમાં વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. હજુ સુધી હુમલામાં નુકસાન અને જાનહાનિના કોઈ અહેવાલ મળ્યા નથી. આ હુમલા બાદ મધ્ય-પૂર્વમાં ફરી તણાવ વધ્યો છે.

છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા ભીષણ યુદ્ધનો અંત લાવવા આજે સવારે જ બંને દેશોએ સીઝફાયરને સહમતિ આપી હતી. આ અંગે સૌપ્રથમ જાહેરાત અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરી હતી. જો કે, આ જાહેરાતના અઢી કલાકમાં જ ઈરાને ઈઝરાયલ પર હુમલો કરતાં સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું હતું. ઈઝરાયલે પણ સામે વળતો જવાબ આપવાની તૈયારી બતાવી હતી. ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ સેનાને મજબૂતાઈથી આકરો જવાબ આપવા આદેશ આપ્યો હતો. જેના ભાગરૂપે ઈઝરાયલે તેહરાનમાં એક-પછી એક બે હુમલા કર્યા હતા.


ટ્રમ્પે વ્હાઈટ હાઉસ લૉન પર મીડિયા સાથે વાતચીત કરતાં આ સમગ્ર ઘટના પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે ઈરાન અને ઈઝરાયલ યુદ્ધ પર ટીપ્પણી કરતાં ગુસ્સામાં અપશબ્દો પણ કહ્યા હતાં. ટ્રમ્પે કહ્યું કે, આટલા સમયથી બંને લડી રહ્યા છે. તેમને પોતાને ખબર નથી કે, તેઓ શું કરી રહ્યા છે. હું બંનેથી ખાસ કરીને ઈઝરાયલથી નારાજ છું.

# સાવરકુંડલાના હીપાવડલી, મેકડા, ફિફાદ, આકોલડા, ઘોબા, પીપરડી ધારાસભ્ય કસવાલાએ વરસાદના કારણે થયેલી નુકસાનીનું નિરીક્ષણ કર્યુ



સાવરકુંડલા તાલુકામાં થયેલા ભારે વરસાદ અને તેના કારણે સર્જાયેલી અતિવૃષ્ટિની પરિસ્થિતિને પગલે, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આજે તાલુકાના હીપાવડલી, મેકડા, ફિફાદ, આકોલડા, ઘોબા અને પીપરડી ગામોની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ ભારે વરસાદને કારણે થયેલી નુકસાનીનું સ્થળ પર જ નિરીક્ષણ કરવાનો અને અસરગ્રસ્ત નાગરિકોને તાત્કાલિક સહાય પહોંચાડવા તથા રાહત કામગીરી ઝડપથી થાય તે માટે જરૂરી સૂચનાઓ આપવાનો હતો. ધારાસભ્ય કસવાલાએ ગામોમાં ફરીને પાણી ભરાવાના કારણે થયેલા નુકસાન, ખેતીવાડીને થયેલી અસર અને સ્થાનિક રહીશોની સ્થિતિનું બારીકાઈથી અવલોકન કર્યુ હતું. તેમણે અસરગ્રસ્ત પરિવારો સાથે વાતચીત કરી તેમની મુશ્કેલીઓ સાંભળી હતી અને તેમને શકય તમામ મદદની ખાતરી આપી હતી. આ મુલાકાત દરમિયાન, ધારાસભ્યએ સંબંધિત સરકારી તંત્રને તાત્કાલિક ધોરણે સર્વે કરીને નુકસાનીનો અંદાજ કાઢવા અને વળતર પ્રક્રિયા ઝડપી બનાવવા સૂચના આપી હતી. તેમણે રાહત સામગ્રીનું વિતરણ, પાણીના નિકાલની વ્યવસ્થા અને અન્ય જરૂરી પગલાં લેવા માટે પણ અધિકારીઓને આદેશ આપ્યા હતા. ધારાસભ્ય કસવાલાએ તમામ અધિકારીઓને રાહત અને બચાવ કાર્યમાં સંકલન જાળવી રાખવા અને અસરગ્રસ્તોને પડતી હાલાકી વહેલી તકે દૂર કરવા અપીલ કરી હતી. આ તકે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ, સિંચાઈ વિભાગના અધિકારીઓ, ખેતીવાડી વિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા દ્વારા કન્યા કેળવણી અંતર્ગત નિઃશુલ્ક નોટબુકનુ વિતરણ



સાવરકુંડલા, તા. ૨૪

શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા શ્રી સ્વામિનારાયણ ગુઢકુળ સાવરકુંડલાના ધરોહર સમાન અને ગુઢકુળ જેમની સખત અને સર્વોત્તમ મહેનત તેમજ આશીર્વાદથી આજે અડીખમ ઊભું છે એવા સંસ્થાના પ્રાણ સમાન અમારા ગુઢજનો પ.પૂ. ઘનશ્યામ દાસજી સ્વામીજી તેમજ પ.પૂ.શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજી સ્વામીની પાવન સ્મૃતિમાં ગુઢકુળમાં અભ્યાસ કરતી કે .જી.થી ધો.૧ થી ૧૨ સુધીની તમામ દીકરીઓમાં સદ્‌વિદ્યાનું પ્રવર્તન થાય અને કન્યા કેળવણી અંતર્ગતની નિઃશુલ્ક નોટબુક (ચોપડા) પ્રથમ સત્રનાં સેટનું વિતરણ કરવામાં આવ્યું.. તેમાં રૂડા આશિર્વાદ અને માર્ગદર્શન સંસ્થાના વડા પૂ. ભગવત પ્રસાદ દાસજી સ્વામીજી તેમજ સંસ્થાના પ્રમુખ પૂ.શાસ્ત્રી હરિપ્રસાદદાસજી સ્વામી તેમજ સમગ્ર આયોજન સંસ્થાના કોઠારી અક્ષરમુક્ત સ્વામીજી દ્વારા કરવામાં આવ્યું જેમાં ગુઢકુળનાં તમામ વિભાગના આચાર્ય હાજર રહ્યા હતા.

## અવસાન નોંધ

**ચલાલા :** મૂળગામ ભાયાવદર હાલ મુંબઈ બોરીવલી નિવાસી સ્વ. ગિરધરલાલવિઠલદાસજોબનપુત્રાનાદિકરાવિનોદરાય (ઉં.વ. ૭૭) તેપ્રફુલ્લાબેનના પતિ તા. ૨૩ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલા છે. તે સ્વ. જયંતિભાઈ, સ્વ. પ્રભુદાસભાઈ, હસમુખભાઈ, બાબુભાઈ, કિશોરભાઈનાભાઈ તેસંજયઅનેદિવ્યેશના પિતા તેમજ પ્રીતિબેનઅનેભાવિકાબેનનાસસરા તેસ્વ. હરજીવનદાસ દુર્લભજીભાઈ નગદીયાનાજમાઈ તેમજસ્વ. વિનોદભાઈ તથાવિજયભાઈનાબનેવીતથાજીલ, શ્રેષ્ઠા, ભવ્યનાદાદાની પ્રાર્થનાસભા બંનેપક્ષતરફથી તા. ૨૬નેગુરૂવારનારોજ સાંજના ૫થી ૭વાગે લુહાર સુથાર વાડી, રાજહીલ બિલ્ડિંગની સામે બોરીવલી (ઈસ્ટ) રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૩ | ૧૦૭૯ |
| ૨ | શિંગ મોટી | ૭૮૫ | ૧૨૧૦ |
| ૩ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૭૬૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૬૫ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૫૬૦ |
| ૬ | તલ કાળા | ૨૦૮૦ | ૩૩૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૫૫૮ | ૨૩૫૦ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૪૧૯ |
| ૯ | જુવાર | ૩૨૦ | ૮૧૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૪ | ૫૪૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૧ | ૫૩૫ |
| ૧૨ | મકાઈ | ૨૬૫ | ૪૦૦ |
| ૧૩ | મગ | ૧૨૮૦ | ૧૪૧૫ |
| ૧૪ | અડદ | ૭૦૦ | ૧૩૨૦ |
| ૧૫ | ચણા | ૮૦૦ | ૧૦૯૮ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૬૯ | ૧૦૭૨ |
| ૧૭ | તુવેર | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૧૮ | કપાસ | ૯૪૦ | ૧૬૫૮ |
| ૧૯ | એરંડા | ૧૧૪૦ | ૧૨૯૫ |
| ૨૦ | જીરૂ | ૧૭૦૦ | ૩૪૧૫ |
| ૨૧ | રાયડો | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૨૨ | ધાણા | ૧૦૦૦ | ૧૨૪૫ |
| ૨૩ | ધાણી | ૧૦૭૦ | ૧૩૬૧ |
| ૨૪ | મેથી | ૭૦૦ | ૮૭૧ |
| ૨૫ | સોયાબીન | ૭૮૦ | ૮૧૭ |

## પાના ૮ ઉપરનું ચાલું કોવાયા ગામેથી બે બોગસ ડોકટરને

રહેતા આરોપી હરેરામ હરદેવભાઈ સાહની (મુળ ઉતરપ્રદેશ) વાળાએ કોવાયા ગામે રાજુલા રોડ ઉપર આવેલ એક ભાડાની દુકાનમાં ચતમ બીજા આરોપી શિવમંગલ ઈન્દ્રદેવ સીંધ, (મુળ બિહાર) નામના બંને આરોપી નામ વગરનું કિલનીક ચલાવી પોતાની પાસે કોઈ પણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી કે ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલ લગત સાધન સામગ્રી મળી નંગ–૨૧ જેની કુલ રૂા. ૨૦૧૮૩.૧૩નો મુદ્દામાલ સાથે માનવ જીંદગી જોખમાય તેમ હોય છતાં દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જિંદગી સાથે ચેડા કરતા હોય મરીન પીપાવાવ પોલીસે બંને આરોપી સામે ભારતીય ન્યાય સહીતા કલમ–૧૨૫ તથા ગુજરાત મેડિકલ પ્રેકટિસનર એકટ ૧૯૬૩ની કલમ ૩૦, ૩૫ તથા ગુજરાત કાઉન્સીલ એકટ–૧૯૬૭ની કલમ ૨૯ તથા ઈન્ડિયન મેડિકલ કાઉન્સીલ એકટ ૧૯૫૬ની કલમ–૧૫(૩) મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ઈંગોરાળા ગામે વ્યાજબી ભાવની

ઈંગોરાળા ગામે રહેતા આરોપી અશોકભાઈ જગજીવનભાઈ વડેરા દુકાનનું પરવાનાધારકની ગેરહાજરીમાં સંચાલન કરતા હોય, ગત તા. ૭/૬/૨૨ ના રોજ તપાસણી ટીમ દ્વારા નિલેશભાઈ યશલાલભાઈ વડેરાની રેશનીંગની વ્યાજબી ભાવની દુકાનની તપાસણી કરતા તપાસણી સમયે નિલેશભાઈ યશલાલભાઈ વડેરા હાજર ન હોય, અને તેમની જગ્યાએ આરોપીએ પોતાની ઓળખ છુપાવી તપાસણી ટીમને પોતે જ પરવાના ધારક નિલેશભાઈ યશલાલભાઈ વડેરા હોવા અંગેની ખોટી ઓળખ આપી, વ્યાજબી ભાવની દુકાનની તપાસણી ફોર્મમાં આરોપીએ નિલેશભાઈ યશલાલભાઈ વડેરાની ખોટી સહિ કરેલ તેમજ આરોપીએ અલગ–અલગ તારીખે પરવાના ધારક નિલેશભાઈ યશલાલભાઈ વડેરાની રાજીનામાની રાજીનામાની અરજીમાં તથા રજુ કરવાના જરૂરી સાધનિક કાગળોના રીપોર્ટમાં તેમજ દિન–૧૮૦ની રજા મંજુર કરવા અંગેની અરજીમાં તેમજ દિન–૯૦ની રજા મંજુર કરવા અંગેની અરજીમાં ખોટી સહીઓ કરી તે તમામ રિપોર્ટો મામલતદાર કચેરી ખાંભા ખાતે રજુ કરી અને ખરા તરીકે ઉપયોગ કરી વહીવટીતંત્ર સાથે છેતરપીંડી કર્યા અંગેની ફરિયાદ ખાંભા ઈન્ચાર્જ મામલતદાર રાજેશકુમાર અમરશીભાઈ પરમારે નોંધાવી છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૩૦ | ૧૦૩૬ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૨ |
| ૩ | ચણા | ૧૦૦૫ | ૧૦૬૫ |
| ૪ | શીંગ દાણા | ૧૧૫૦ | ૧૫૫૧ |
| ૫ | શીંગ ફાડા | ૧૧૪૫ | ૧૨૪૦ |
| ૬ | મગ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ૭ | બાજરો | ૩૪૫ | ૩૪૫ |
| ૮ | સોયાબીન | ૭૫૦ | ૮૧૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જિણી | ૧૦૨૦ | ૧૦૬૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૫ | ૧૧૦૦ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૫૦ | ૧૧૮૧ |
| ૪ | શીંગ દાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૬૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૧૫૦ |
| ૭ | જીરૂ | ૩૪૦૦ | ૩૬૩૬ |
| ૮ | કપાસ | ૧૪૭૫ | ૧૫૮૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૧૨ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૫૨૨ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૨૦૯ |
| ૧૪ | મેથી | ૬૦૧ | ૭૫૦ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | – |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં ઠેબી જળાશય નજીક

સિંહ–દીપડા જેવા રાની પશુઓ હવે જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી તરફ પ્રયાણ કર્યુ હોય તેવુ લાગી રહ્યું છે. ઘણા દિવસોથી અમરેલી શહેરમાં આવેલ ઠેબી જળાશય નજીક દીપડો અવારનવાર દેખાઈ રહ્યો હોય શહેરીજનોમાં ફફડાટનો માહોલ છે.

દરમિયાનમાં ગઈકાલે સમી સાંજે ચિત્તલ માર્ગ ઉપર આવેલ પંચવટી પાર્ટી પ્લોટ નજીક દીપડાએ વાછરડીનું મારણ કર્યાની ઘટના બનતાં વન વિભાગની નિસ્કીયતા સામે નારાજગીનો માહોલ ઉભો થયો છે.

આ અંગે તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાલે દીપડાને પાંજરે પુરવા અને શહેરજનોને ભયમુકત કરવા વન વિભાગ સમક્ષ માંગ કરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ધારી : પ્રેમપરામાં રહેતાં માનસિક બિમાર

દીકરો ભાવેશ માનસીક રીતે બિમાર હોય, તે ગત તા.૨૨ ના રોજ સાંજે ૪/૩૦ વાગ્યે બજારમાં ચાલતો ચાલતો બકવાસ કરતો જતો હોય, તેથી તે જ વિસ્તારમાં રહેતા આરોપી જયદેવભાઈ દેશાભાઈ ધાધલને એવુ લાગતુ હતું કે, આ ભાવેશ તેમને ગાળો આપે છે. તે વાતનું મનદુઃખ રાખી અગાઉ પણ આરોપી જયદેવભાઈએ આ વૃધ્ધ તથા ભાવેશ સાથે માથાકુટ કરેલ હતી. અને ગઈ કાલ વૃધ્ધના દીકરા ભાવેશને આરોપી જયદેવભાઈ તથા અન્ય અજાણ્યા ત્રણ માણસોએ જેમ ફાવે તેમ ગાળો આપી. જાનથી મારી નાખવાની ધમકી આપી ભાવેશને આડેધડ લોખંડના પાઈપ મારી ડાબા પગને ઢાંકણીના નીચેના ભાગેથી પગ ભાંગી નાંખ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં. ૧૧૮/૨૦૨૫

**અરજદાર :** શ્રી પરમાર નાગજીભાઈ ભગવાનભાઈ
સરનામું : રહે. મોટા આંકડીયા, તા. જિ.અમરેલી.

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.મોટા આંકડીયા, તા.જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામમાં અરજદારશ્રી **પરમાર નાગજીભાઈ ભગવાનભાઈ** તેઓના ભત્રીજા **હેમુભાઈ મુળજીભાઈ પરમાર**ની **જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૭)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૨–૦૬–૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૨૦ | ૫૧૮ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૪૫ | ૪૯૧ |
| ૩ | જુવાર | ૩૮૦ | ૬૫૦ |
| ૪ | ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| ૫ | ધાણા | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ૬ | શીંગફાડા | ૧૨૦૦ | ૧૩૪૦ |
| ૭ | મગફળી | ૯૦૦ | ૯૨૦ |
| ૮ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૨૦ |
| ૯ | સોયાબીન | ૬૮૫ | ૮૦૮ |
| ૧૦ | મગ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | તુવેર | ૧૧૦૦ | ૧૧૮૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૩૯૦ | ૧૪૩૫ |
| ૧૩ | જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૧૪ | અડદ | ૧૩૯૦ | ૧૩૯૦ |
| ૧૫ | મેથી | ૭૬૦ | ૭૬૦ |
| ૧૬ | લસણ | ૯૫૦ | ૯૫૦ |
| ૧૭ | બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| ૧૮ | ચોળી | ૧૫૦૦ | ૧૬૪૦ |

## પાના ૧ ઉપરનું ચાલું રૂા. ૧ લાખ ઉપરની છેતરપીંડી કરાય

૪૮,૪૨૫નો ગુવાર ખરીદી તેમાથી રૂપિયા ૩૦,૦૦૦ જોરૂભાઈના ઘરે રોકડા મોકલી આપી તેમજ બાકી રહેતા રૂપિયા ૧૮,૪૨૫ નહી આપી તથા આરોપી ભરતભાઈ તથા વિશાલભાઈ ચૌહાણ (રહે.અંકલેર) વાળાએ જોરૂભાઈને વિસમાં લઈ બંને આરોપી ગત તા.૧૩/૧૧/૨૪ રૂબરૂમાં આવી કુલ રૂપિયા ૧,૦૨,૦૦૦નો ગુવાર (શાકભાજી) બે દિવસમાં પૈસા આપી દેવાની શરતે ઉધાર ખરીદી લઈ બંને આરોપીએ જોરૂભાઈ સાથે કુલ રૂપિયા ૧,૨૦,૪૨૫ નહીં આપી અને છેતરપીંડી કરી હતી. અને બંને આરોપી પૈસાની ઉઘરાણી કરતા ફોનમાં ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


### કાટમાળ તથા ઈમલાના પાડનાર કારીગર જોગ

**: જાહેર નિવિદા :**

આથી ઉપરોકત કામ કરનારા ભાઈઓ જોગ જાણ કરવામાં આવે છે કે અમારી શ્રી બગસરા વાંઝા જ્ઞાતિ સમાજ બગસરાની માલીકીની મિલકત જે બગસરા શીવાજીચોક, વાંઝા વાડ વિસ્તારમાં 'શ્રી બગસરા વાંઝા જ્ઞાતી સમાજ વાડી'ની મિલકતનું ક્ષેત્રફળ ૧૧૪૦.૩૧ ચો.મી. આવેલ છે. જે મિલકતમાં સ્લેબવાળુ બાંધકામ છે સિમેન્ટ પતરા તથા નળીયાવાળુ બાંધકામ છે વગેરે લાકડકુટ તથા લોખંડ જેમાં વપરાયેલ જેનો ઈમલો જમીન દોષ કરી ઉપર દર્શાવેલ માલ સામાન લઈ જવા અને તમામ માટી ઉપાડી જવા તથા જગ્યાનું લેવલ કરી સાફ સફાઈ કરી આપવા અંગે ટ્રસ્ટ તરફથી ભાવો માંગવામાં આવે છે.

જાહેરાત પ્રસિધ્ધ થયે તા.૩૦/૦૬/૨૦૨૫ ને સોમવાર સાંજનાં ૦૫:૦૦ કલાક સુધીમાં બંધકવરમાં આપનાર ભાવો રૂબરૂ અથવા આંગડીયા કે પોસ્ટથી પહોંચાડવાના રહેશે.

ટ્રસ્ટની મિટીંગના નિર્ણય અનુસાર સદરહું કામની અપસેટ કિંમત રૂા.૫૦૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પુરા રાખવામાં આવેલ છે.

**ભાવો પહોંચાડવાનું સરનામું :**
શ્રી વાંઝા જ્ઞાતી સમાજની વાડી, શીવાજી ચોક, વાંઝાવાડ, બગસરા, જી.અમરેલી–૩૬૫૪૪૦
મો.૯૯૨૫૦ ૨૫૩૨૩

રમેશભાઈ ડી.ગોહેલ – મંત્રીશ્રી
વિનુભાઈ બી.ભરખડા – ઉપપ્રમુખશ્રી
રશ્વિનભાઈ પી.ડોડીયા – પ્રમુખશ્રી

શ્રી વાંઝા જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ–બગસરા


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૪૫ | ૧૬૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૫૦ | ૧૫૨૫ |
| ૩ | મગફળી | ૯૯૦ | ૧૦૬૦ |
| ૪ | જીરૂ | ૨૮૨૦ | ૩૫૦૦ |
| ૫ | ઘઉં | ૪૭૧ | ૫૧૯ |
| ૬ | તલ સફેદ | ૧૫૭૦ | ૧૯૭૦ |
| ૭ | તલ કાળા | ૨૬૪૦ | ૩૧૦૦ |
| ૮ | ચણા | ૧૦૬૦ | ૧૦૮૦ |


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૯૦ | ૨૦૬૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૭૧ |
| ૪ | બાજરો | ૩૨૦ | ૪૫૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૭૧ | ૫૦૮ |
| ૬ | જુવાર | ૪૦૦ | ૯૧૬ |
| ૭ | મગ | ૧૧૫૫ | ૧૪૦૧ |
| ૮ | તુવેર | ૭૬૧ | ૧૧૧૪ |
| ૯ | ચણા | ૬૦૦ | ૧૦૬૮ |
| ૧૦ | ધાણા | ૯૫૦ | ૯૫૦ |
| ૧૧ | સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |
| ૧૨ | શીંગદાણા | ૧૪૨૧ | ૧૪૪૪ |

# અમરેલીનાં કેરિયાનાગસ ખાતે યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી







વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે વિધાનસભાના નાયબદંડકઅનેઅમરેલીનાધારાસભ્ય કૌશિકવેકરીયાધ્વારાઅમરેલીતાલુકાના કેરીયાનાગસ પ્રાથમિક શાળા ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. કેરીયાનાગસ પ્રાથમિક શાળામાં બાલવાટિકાથી ધોરણ ૮ સુધી કુલ ૩૬૦ કરતાવધુવિદ્યાર્થીઓઅભ્યાસકરેછે.આ શાળામાંઅમરેલીશહેર દુધાળા, જાત્રોડા સહિતના ગામમાંથી ૫૭ જેટલા બાળકો અભ્યાસ માટે આવી રહ્યા છે. શાળામાં ઓપનલાયબ્રેરી,અદ્યતનગણિતવિજ્ઞાન લેબ, ડિજિટલ બોર્ડ, STEM લેબ, સમૃદ્ર લાઈબ્રેરી, કોમ્પ્યુટર લેબ, ફ્રી વાઈફાઈ, ટેબલેટથીશિક્ષણCCTV કેમેરા, રમણીય બગીચો, શેડ વિગેરે આધુનિક સુવિધાઓ સાથે શિક્ષણની વ્યવસ્થાના કારણે તાજેતરમાં ૧૭ જેટલા વિદ્યાર્થીઓ CET એકઝામમા ઉતીર્ણથયા છે અને ૭ જેટલા વિદ્યાર્થીઓજ્ઞાનસાધના પરીક્ષામાંઉતીર્ણ થયા છે. શાળાના આચાર્ય રસિકભાઈ મહેતાસહિતશાળામાંકુલ ૧૨ શિક્ષકો છે. જેમની મહેનતથી છેલ્લા દસ વર્ષથી ગુણોત્સવમાં એ વન ગ્રેડ શાળા પ્રાપ્ત કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શાળાના બાળકોજઅન્યએકિટવિટીનુંસંચાલનકરે છે તેમજ શાળામાં ગ્રામજનો ધ્વારા પણ પુરતોસહયોગપુરો પાડવામાંઆવેછે. જે બદલ નાયબ દંડક ધ્વારા ગામના આગેવાનોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ગોવિંદપુર સ્થિત અમૃત સરોવર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

અમરેલી, તા. ૨૪

૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ''એકપૃથ્વી, એકસ્વાસ્થ્ય માટે યોગ'' થીમ સાથે સમગ્ર જિલ્લામાં ઉજવણી સંપન્ન થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં ''અમૃત સરોવર''નું નિર્માણ કરવામાં આવ્યું હતું.



આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં ગોવિંદપુર સ્થિત અમૃત સરોવર ખાતે યોગ શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં યોગ પ્રશિક્ષકો દ્વારા અમૃત સરોવર ખાતે ૧૦૯ શિબિરાર્થીઓએ યોગ અભ્યાસ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લઈ અને નિત્યજીવનમાં યોગનું મહત્ત્વ જાણ્યું હતું.

## લીલીયા તાલુકા પેન્શનર સમાજની મીટીંગ મળી



લીલીયા મોટાઘ તા. ૨૪

લીલીયા મોટા ખાતે કડવા પાટીદાર સમાજના કૂળ દેવી ઉમિયા માતાજીના મંદિર ખાતે આજે સવારે તા ૨૩/૬/૨૦૨૫ ને સવારે ૧૦:૦૦ કલાકે લીલીયા તાલુકા પેન્શન સમાજની મીટીંગ અમરેલી જિલ્લા પેન્શનર સમાજના પ્રમુખ રાજુભાઈ મહેતાની અધ્યક્ષતામાં મળી હતી આ મિટિંગ આ પ્રસંગે સૌ પ્રથમ ઉમિયા માતાજીની પ્રતિમાની વંદના કરવામાં આવેલ ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ રાજુભાઈ મહેતા સહિતના આમંત્રિત મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ લીલીયા તાલુકા પેન્શનર સમાજના પ્રમુખ બાબુભાઈ ધામત આમંત્રિત મહેમાનોને શાબ્દિક રીતે આવકારી તાલુકા પેન્શનર સમાજ દ્વારા થતી પ્રવૃત્તિ વિશે જાણકારી આપી ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ થી સન્માન કરેલ ત્યારબાદ તાજેતરમાં અમદાવાદ ખાતે સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામનાર સદ્દગત આત્માઓ અને લીલીયા પેન્શનર સમાજના બળવંતભાઈ દવે, વિનુભાઈ માઢક, નાથાભાઈ પોલરાનું બીમારી બાદ અવસાન થતા તેમને ઉપસ્થિત સે લોકોએ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી આ તકે અમરેલી જિલ્લા પેન્શનર સમાજના પ્રમુખ રાજુભાઈ મહેતા સહિત વિવિધ તાલુકા માંથી ઉપસ્થિત પેન્શનર સમાજના હોદ્દેદારો એ મોટી સંખ્યામાં ઉપસ્થિત પેન્શનરોને વિવિધ યોજના અને સરકાર તરફ થી મળતા લાભોથી માહિતગાર કર્યા હતા આ તકે તાલુકા પેન્શનર સમાજના પૂર્વ પ્રમુખ ભરતભાઈ ત્રિવેદી સહિત ભાસ્કરભાઈ પટેલ, ઘનશ્યામભાઈ પરમાર, રામકુભાઈ ભુવા,હિંમતભાઈ પટેલ, જયંતીભાઈ વડ્રા સહિતના પેન્શનર સમાજના ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ભાનુભાઈ કાલાવડીયા અને કિશોરભાઈ જોશી એકરેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે

## રાજુલાનાં પશુપાલકની રોજગારીની ચિંતા કરીને ધારાસભ્યએ ૧૦ ઘેટા ભેટ કર્યા

### પશુપાલક પરિવારે ધારાસભ્યનો આભાર માન્યો



રાજુલા, તા. ૨૪

રાજુલા પંથકમાં ૪ દિવસ પહેલા ભારેથી અતિ ભારે વરસાદ ખાબકતા અનેક પશુઓ તણાયા ગ્રામ્ય વિસ્તારના માર્ગો ઉપર ધોવાણ થયું હતું અનેક ગામો સંપર્ક વિહોણા બનેલા જેના કારણે વાહન ચાલકો સહિત લોકો પરેશાન થયા હતા ત્યારે રાજુલાના દેવકા ગામના નાજાભાઈ સાદુળભાઈ લામકા નદી કાંઠે હતા તેવા સમયે પુર આવતા ઘેટા ધસમસતા પ્રવાહમાં તણાય ગયા હતા તો અન્ય કેટલાકને બચાવી લેવાયા હતા આ ઘટના બાદ સ્થાનિક લોકોએ ધારાસભ્યને આ બાબતે રજૂઆત કર્યા બાદ ધારાસભ્યએ સહાયના બદલે માલધારીને શોધોને તેને મનગમતા ઘેટા તેને જયાંથી ગમે તેવા સ્વંખર્ચએ ખરીદી કરી આપ્યા જેના કરણે માલધારી પરિવારમાં ફરી ઉત્સાહમાં આવ્યો હતો કેમ કે આ ઘેટાથી આ પરિવારની આજીવિકા ચાલતી હતી તેવા સમયે આ ઘેટા તણાય જતા પરિવાર ભારે ચિંતિત હતો. રાજુલાના ધારાસભ્યએ આ અનોખી પહેલ કરી ઘેટા વેચાતા લઈ આપતા માલધારી નાજાભાઈ લામકાએ જણાવ્યું મારા ઘેટા પુરમાં ગયા બાદ ધારાસભ્યએ મને લઈ આપ્યા જેથી મારી આજીવિકા ફરીવાર શરૂ થશે.

### જિલ્લા વિધાસભા સંચાલિત

## અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં યોગ દિવસની ઉજવણી

### કોલેજનાં સિનિયર પ્રાધ્યાપક દ્વારા યોગ અને પ્રાણાયામનું નિદર્શન



દામનગર, તા. ૨૪

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ૨૧મી જુન ૨૦૨૫ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત કોલેજના સિનિયર પ્રાધ્યાપક ડો. એ.જી. પટેલ ધ્વારા યોગ અને પ્રાણાયામનું નિદર્શન કરવામાં આવ્યું તે મુજબ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ યોગાસન અને પ્રાણાયામ કર્યા. કાર્યકમની શરૂઆતમાં અને.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. જે. એમ. તળાવીયાએ યોગાસન અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું મહત્વ સમજાવ્યું તથા જીવનમાં નિયમિત રીતે દરરોજ યોગાસન કરવાથી થતા લાભ વિશે સમજુતી આપી. સમગ્ર કાર્યકમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર, ડો. એ. બી. ગોરવાડીયા તથા એન. સી. સી. પ્રોગ્રામ ઓફિસર, પ્રા. ડબલ્યુ.જી. વસાવાએ કર્યુ. કાર્યકમને સફળ બનાવવા માટે કોલેજના પ્રાધ્યાપક સ્પોટર્સ ઓફિસર, ડો. એમ. એમ. પટેલ ધ્વારા જહેમત ઉઠાવવામાં આવી તથા કોલેજના યોગ કો–ઓર્ડીનેટર ડો.એ.કે. વાળા તથા કો–ઓર્ડીનેટર પ્રો. જે. એમ. તળાવીયાએ યોગ શિબિરનું સુંદર સંચાલન કર્યુ. સમગ્ર કાર્યકમના આયોજન બદલ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવિયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### જાગૃત નાગરિકે ૧૮૧ને જાણ કરતા યુવતી આફતથી બચી

## રાત્રિનાં સમયે યુવતીને સમાધાન કરવા માટે બાઈકમાં બળજબરીથી લઈ જવાનો પ્રયાસ

### અભયમ ૧૮૧ની ટીમે યુદ્ધના ધોરણે યુવતીને બચાવી

અમરેલી, તા. ૨૪

અમરેલીના એક જાગૃત નાગરિકે અભયમ ૧૮૧ માં કોલ કરીને જણાવેલ કે, એક અજાણી છોકરીને તેનો પ્રેમી મારવા માટે લઈ જતો હતો. અને અમને જોઈને છોકરીએ બાઈક પરથી કૂદીને અમારી મદદ માંગેલ છે. જેથી અમે ૧૮૧ મા કોલ કરેલ છે. આ કોલ આવતાં જ ૧૮૧ ટીમના કાઉન્સેલર રીટાબેન પરમાર, કંચનબેન જી.આર.ડી. અને પાયલોટ સંજયભાઈ મકાણી તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. અને તે યુવતીનું કાઉન્સલિંગ કરતા આ યુવતીએ જણાવેલ કે, હું એક વરસથી રીલેશનમાં છું. મારા પ્રેમી સાથે મારે ઝઘડો થયો હતો. તેમણે મને રાત્રે ૨ વાગે સમાધાન કરવા માટે થઈ બહાર બોલાવી અને બાઈક પર લઈ ગયેલ હતો. અને રસ્તામાં તે એક વાડીમા યુવતિને લઈ ગયેલ હતો. ત્યાં તેમણે યુવતિને લાકડીથી માર માર્યો હતો. અને છરીથી તેણીને મારવાનો પ્રયાસ પણ કરેલ હતો. અને તેણીને ધમકી પણ આપી કે તારા ઉપર બીજા પાસે રેપ કરાવી અને તને મારી નાખવાની છે. અને મેં આવું અગાઉ એક છોકરી પણ કર્યું છે. તેમ કહીને મને બાઈક પર લઈ જતો હતો.

ત્યારે રસ્તામાં એક હોટેલ પર તેણીએ કેટલાંક માણસોને જોઈ જતાં તેણીને ચાલું બાઈક પરથી કૂદી અને મદદ માંગેલ હતી. જેથી આ લોકો આ છોકરાને પકડવા લોકો પાછળ દોડ્યા હતા. પણ ત્યાં આ છોકરો બાઈક મૂકીને નાશી ગયો હતો.બાદમાં આ ૧૮૧ ટીમે યુવતિને આશ્વાસન અને હિંમત આપી અને પોલીસ કંટ્રોલમાં જાણ કરી હતી. અને પોલીસની પીસીઆર વાનની મદદ લીધેલ હતી. જેઓએ નાશી ગયેલ છોકરાના બાઈકનો કબજો લઈ અને આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. અને આ બનાવમાં યુવતીને ઈજા થઈ હોવાથી અને લોહી નીકળતું હોવાથી ૧૦૮ની મદદથી સિવિલ હોસ્પિટલ મા સારવાર માટે ખસેડેલ હતી. આમ અભયમ ૧૮૧ ની ટીમે આવા યુવતીને મદદ કરી હતી.

# અમરેલી મોંઘીબા મહિલા કોલેજ ખાતે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી





અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલી ખાતે આજરોજ તા. ૨૧/૬/૨૦૨૫ના સવારે ૬:૪૫ થી ૮:૦૦ દરમ્યાન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. "Yoga for Earth one Health" યોગ એ માત્ર કસરત નથી. પણ એ આત્મા સાથેનો સંબંધ છે, એ સંકલ્પના સાથે કોલેજની વિદ્યાર્થીનીઓ તથા કોલેજ સ્ટાફ પરિવાર આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયો હતો. યોગને વૈશ્વિક સ્વીકૃતિ આપનાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાને અનુસરીને કોલેજના ૬૦ જેટલા વિદ્યાર્થીની બહેનો તથા કોલેજ સ્ટાફ પરિવારના ૧૦ સભ્યોએ કોલેજના પી.ટી.આઈ. ડો. જયશ્રીબેન મકવાણાના માર્ગદર્શન હેઠળ સૂર્યનમસ્કાર, પ્રાણાયમ તથા વિવિધ યોગાસનો કર્યા હતા. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. જી.વી. વેલિયત સાહેબે પ્રાસંગીક ઉદ્દ્બોધન દ્વારા વિદ્યાર્થીનીઓને યોગ દિવસનુ મહત્ત્વ સમજાવેલ. N.C.C ઓફસર લેફટનન્ટ મનીષાબેન સાગઠિયા, N.C.C પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપાબેન ટાંક તથા સમગ્ર સ્ટાફ પરિવારે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

## જયાં દરરોજ હજારો મુસાફરોની અવરજવર રહે છે તેવા

# અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડમાં સફાઈનો અભાવ

**શૌચાલય બંધ હાલતમાં, પીવાનાં પાણીની કોઈ વ્યવસ્થા નથી**

**દેશી દારૂની કોથળી અને વિદેશી દારૂની ખાલી બોટલ જોવા મળે છે**

**મુસાફરો માટે રાત્રિનાં સમયે સુરક્ષાનો અભાવ જોવા મળે**

**જવાબદાર વિભાગ દ્વારા સાફસફાઈ, સુરક્ષા સહિતની સુવિધા કરવામાં આવે**




અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરની મધ્યમાં નાગનાથ બસ સ્ટેન્ડનું લાખો રૂપિયાનાં ખર્ચે નિર્માણ કરવામાં આવ્યા બાદ જાળવણીનાં અભાવે બસ સ્ટેન્ડ નર્કાગારની સ્થિતિમાં આવી ગયું હોય જવાબદાર વિભાગ ધ્વારા સ્વચ્છતા સહિતની સુવિધા ઉભી કરવામાં આવે તેવી માંગ મુસાફરવર્ગમાંથી ઉભી થવા પામી છે.

અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડ ખાતે શહેરમાંથી આવન–જાવન કરતી તમામ એસ.ટી. બસનું સ્ટોપ હોય છે અને શહેરની મધ્યમાં હોવાથી મોટાભાગનાં મુસાફરો નાગનાથ બસ સ્ટેન્ડેથી જ બસમાં ચડ–ઉતર કરતા હોય છે, દરરોજ હજારો મુસાફરોની અવરજવર જોવા મળી રહી છે.

નાગનાથ બસ સ્ટેન્ડમાં બેફામ ગંદકી, પીવાના પાણીનો અભાવ, શૌભાલયમાં અંદર જવાની મુશ્કેલી અને દેશી દારૂની કોથળી અને વિદેશી દારૂની ખાલી બોટલ પણ જોવા મળી. મુસાફરો બસ સ્ટેન્ડની હાલત નિહાળીને ભારે દુઃખ વ્યકત કરી રહ્યા છે.

પાલિકા, પોલીસ અને એસ.ટી. વિભાગે સંયુકતપણે કામગીરી કરીને નાગનાથ બસ સ્ટેન્ડની નિયમિત સફાઈ, પીવાના પાણીની વ્યવસ્થા, સુરક્ષા ગાર્ડ અને સીસીટીવી કેમેરા લગાવીને મુસાફરોને શ્રેષ્ઠત્તમ સુવિધા આપવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

### રાજુલા નજીક આવેલ

## કોવાયા ગામેથી બે બોગસ ડોકટરને ઝડપી પાડી કાર્યવાહી કરતી મરીન પોલીસ

**પરપ્રાંતિય શખ્સો પાસેથી રૂા. ૨૦ હજારની દવા પણ ઝડપી લીધી**

અમરેલી, તા. ૧૨

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા જિલ્લામાં ગેરકાયદેસર સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડીગ્રી વગર કિલનિક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી અંગે ચેકીંગ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, જેથી મરીન પીપાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારના કોવાયા ગામે

અનુસંધાન પાના ૬ ઉપર



### સાવરકુંડલા ગામે

## જુના બસ સ્ટેન્ડ પાસેથી વિદેશી દારૂ સાથે આરોપીને એલ.સી.બી.એ ઝડપી લીધો

**રૂા. ૭૩૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કરી કાર્યવાહી**

અમરેલી, તા. ૨૪

મુળ મોરબીના વતની અને હાલ સાવરકુંડલા ગામે જુના બસ સ્ટેન્ડ પાસે, કે.કે. મહેતા સરકારી હોસ્પીટલના કવાર્ટરમાં, રૂમ નં.બી/૩ માં રહેતા આરોપી અભિષેકભાઈ ઉર્ફે અભિ નીરજભાઈ બારૈયા નામના આરોપીએ ગત તા.૨૩ ના રાત્રીના ૧/૨૦વાગ્યાના સમયે સાવરકુંડલા ગામે જુના બસ સ્ટેન્ડ પાસે, કે.કે. મહેતા સરકારી હોસ્પીટલના મેઈન ગેઈટ પાસે એક કાળા કલરની રેકઝીનની બેગમાં વિદેશી દારૂ વ્હિસ્કીની ૯૦ એમ.એલ.ની રીંગ પેક પ્લાસ્ટીકની બોટલ નંગ–૫૦ કિંમત રૂા.૭૩૦૦ના મુદ્દામાલ સાથે અમરેલી એલ.સી.બી. એ ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ધારી : પ્રેમપરામાં રહેતાં માનસિક બિમાર યુવકને ૪ ઈસમોએ બેફામ માર મારી પગ ભાંગી નાખ્યો

**યુવકનાં પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૨૪

ધારીના પ્રેમપરા વિસ્તારમાં આવેલ ઓઈલ મીલની પાસે રહેતા રમેશભાઈ આણંદભાઈ રાદડીયા નામના ૬૫ વર્ષિય વૃધ્ધનો

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)